વિભાગ : ૭

# સાચા સુખની પ્રાપ્તિનો ઉપાય

અત્યાર સુધી નાસ્તિથી સંસારમાં ક્યાંય સુખ નથી અને અસ્તિથી મોક્ષ કે મોક્ષમાર્ગમાં જ સુખ છે એ બાબત સમજ્યા પછી સમગ્ર પુસ્તકના સાર સમાન આ સાતમો અને અંતિમ વિભાગ છે. આ વિભાગમાં કુલ ચાર પ્રકરણો છે.

પ્રકરણ :૨૮ માં દુઃખ–સુખનું લક્ષણ અને તેના ઉત્તરોત્તર કારણોની ચર્ચા છે. તેમાં દુઃખનું છેવટનું અને મૂળ કારણ મિથ્યાત્વ તેમ જ સુખનું છેવટનું અને મૂળ કારણ સમ્યક્ત્વ છે તે સમજાવવામાં આવ્યું છે.


પ્રકરણ :૨૯ માં દુઃખ મટાડવા માટે કરવામાં આવતા ઉપાયોનું જૂઠાપણું બતાવવામાં આવ્યું છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી સુખ માનવામાં આવે છે તે એક ભ્રાંતિ છે તે બાબત તાર્કિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી સિદ્ધ કરવામાં આવી છે.

પ્રકરણ :૩૦ માં ઈચ્છાનુસારના સાધનમાં સુખ ન હોવા છતાં સુખ ભાસવાનું કારણ મોહજન્ય રતિભાવ છે તે બાબત સમજાવેલ છે.

પ્રકરણ : ૩૧ માં સાચા સુખની પ્રાપ્તિનો એક માત્ર ઉપાય : સમ્યક્ત્વ છે તે બાબત પ્રસ્થાપિત કરી સમ્યક્ત્વ પ્રાપ્તિનો ઉપાય સંક્ષિપ્તમાં સમજાવેલ છે. અહીં અંતિમ સંદેશથી સમાપન કરવામાં આવેલ છે.

# પ્રકરણ : ૨૮

# દુઃખ-સુખનું લક્ષણ અને તેનું મૂળ કારણ



**પ્રકરણની રૂપરેખા**

- ✿ પ્રાસ્તાવિક
- ● **દુઃખ-સુખના લક્ષણ અને તેના મૂળ કારણને સમજવાની આવશ્યકતા**
- ● **દુઃખ-સુખનું લક્ષણ અને તેના ઉત્તરોત્તર કારણો**
  - ● આધારભૂત કોષ્ટક
  - ● દુઃખનું લક્ષણ : આકુળતા અને<br>સુખનું લક્ષણ : નિરાકુળતા
  - ● આકુળતાનું કારણ : ઈચ્છાઓનો સદ્ભાવ અને<br>નિરાકુળતાનું કારણ : ઈચ્છાઓનો અભાવ
  - ● ઈચ્છાઓના સદ્ભાવનું કારણ : સ્વભાવપ્રતિઘાતનો સદ્ભાવ અને<br>ઈચ્છાઓના અભાવનું કારણ : સ્વભાવપ્રતિઘાતનો અભાવ
  - ● સ્વભાવ પ્રતિઘાતના સદ્ભાવનું કારણ : પરચારિત્ર અને<br>સ્વભાવ પ્રતિઘાતના અભાવનું કારણ : સ્વચારિત્ર
  - ● પરચારિત્રનું કારણ : રાગભાવ અને<br>સ્વચારિત્રનું કારણ : વીતરાગભાવ
  - ● રાગભાવનું કારણ : મિથ્યાત્વ અને<br>વીતરાગભાવનું કારણ : સમ્યક્ત્વ
- ✿ ઉપસંહાર

( છંદ : ચોપાઈ )

**जे त्रिभुवन में जीव अनन्त, सुख चाहैं दुःख तें भयवन्त ।**

**तातें दुःखहारी सुखकार, कहैं सीख गुरु करुणा धार ।।**

ભાવાર્થ : આ ત્રણલોકમાં અનંતાનંત પ્રાણીઓ છે તે બધાંય દુઃખથી ડરે છે અને સુખને ઈચ્છે છે. તેથી જગતના ભવ્ય જીવોને દુઃખનો નાશ કરવાની અને સુખને પ્રગટ કરવાની શિખામણ શ્રી ગુરુ કરુણા કરીને આપે છે.
(છઢાળા : ઢાળ ૧ : ગાથા ૧)

આ જગતના બધાં જ પ્રાણીઓ દુઃખથી ડરે છે અને સુખને ઈચ્છે છે. સૂક્ષ્મ જંતુથી માંડીને મહાકાય મત્સ્ય સુધીના સઘળાં પ્રાણીઓની સતત એક જ પ્રવૃત્તિ હોય છે — દુઃખને ટાળવું અને સુખને પ્રાપ્ત કરવું. આ જીવ જે કોઈ હરવા ફરવાની, ખાવા પીવાની, વેપાર ધંધાની, વિષય કષાયની કે એશ આરામની પ્રવૃત્તિ કરે છે તે સુખી થવા માટેની હોય છે. કોઈ જીવ દયા, દાન, પુજા, ભક્તિ આદિના શુભભાવો કરે છે તે સુખી થવા માટે હોય છે અને કોઈ જીવ હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહાદિના અશુભભાવો કરે છે તો તે પણ સુખી થવા માટે જ હોય છે. કોઈ ત્રાસવાદ કે આતંકવાદ ચલાવે છે તો તે પણ તેની માન્યતા અનુસાર સુખી થવા માટે જ હોય છે. આ જીવ સુખી થવા માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરતો હોવા છતાં પણ બિલકુલ સુખી થતો નથી. અનાદિકાળથી આજ સુધી તે અંધકારમાં જ અથડાતો આવ્યો છે અને લેશમાત્ર પણ સુખને પ્રાપ્ત થયો નથી. તેથી શ્રી ગુરુ કરુણા કરીને જગતના સુખેચ્છુ ભવ્ય જીવોને સાચા સુખનો માર્ગ બતાવે છે. આ જીવે સાચા સુખનો માર્ગ ક્યારેય જાણ્યો કે સાંભળ્યો નથી. દુઃખને ટાળી સુખને પ્રાપ્ત કરવા માટે સૌ પ્રથમ દુઃખ-સુખના લક્ષણ અને તેના મૂળ કારણને સમજવાની આવશ્યકતા હોય છે.




## દુઃખ-સુખના લક્ષણ અને તેના મૂળ કારણને સમજવાની આવશ્યકતા

( છંદ : ચોપાઈ )

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા ।

અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં વિચિત્રતા ।।

ઉઘાડ ન્યાય-નેત્ર ને નિહાળ રે ! નિહાળ તું ;

નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.

ભાવાર્થ : જ્યાં અનંત અને એકાંત સુખ છે અને અસ્થિરતાના કારણે થતું નામ માત્રનું દુઃખ હોય છે તેવા આત્મિક સુખના મોક્ષ અને તેના માર્ગને મિત્ર ન માની આ જીવ તેનાથી દૂર જ ભાગે છે. અને જ્યાં અનંત અને એકાંત દુઃખ છે અને પુણ્યોદયના કારણે થતું ભ્રાંતિજન્ય કહેવાતું સુખ હોય છે તેવા સાંસારિક સુખના સંસાર અને તેના માર્ગને મિત્ર

માની આ જીવ તેનો પ્રેમ કરે છે. તે એક ભારે વિચિત્રતા છે. હે ચેતન ! તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે ! નિહાળ !! નિહાળીને સાંસારિક સુખ પ્રત્યે તીવ્ર ઉદાસીનતા લાવીને તેની પ્રવૃત્તિ ટાળ અને આત્મિક સુખના ઉપાય માટે વૃત્તિનો ઉત્થાન ન થાય તેવી નિવૃત્તિ શીઘ્ર ધારણ કર. (શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭મું : ભાવના બોધ : નિવૃત્તિ બોધ : પાનું ૩૮)

આ જીવ સુખને ઇચ્છે છે તોપણ તેના કારણોને ગ્રહણ કરતો નથી અને દુઃખથી ડરે છે તોપણ તેના કારણોને છોડતો નથી. તેનું એકમાત્ર કારણ તેને સુખ-દુઃખના લક્ષણ અને તેના મૂળ કારણની ખબર જ નથી. તેથી જે ખરેખર દુઃખ જ છે તેવા કહેવાતા સાંસારિક સુખ પ્રત્યેની પ્રીતિને છોડતો નથી અને જે ખરેખર સુખ છે તેવા આત્મિક સુખની મિત્રતા કરતો નથી. માટે જેણે સુખી થવું હોય તેણે સૌ પ્રથમ પોતે જેને સુખ માને છે તે સુખ નથી પણ દુઃખ જ છે. અને સાચું સુખ કોઈ જુદું જ હોય છે તે જાણવું જરૂરી છે. અને તો જ તે દુઃખ ટાળી સુખ માટેનો ઉપાય કરી શકે છે.

આ જીવને સાચા આત્મિક સુખની કોઈ ઓળખાણ નથી અને કહેવાતા સાંસારિક સુખની સઘળી ઓળખાણ છે. વળી આ સાંસારિક કહેવાતું સુખ જ તેને સાક્ષાત્ સુખપણે વેદાય છે. તેથી સંસારમાં કહેવાતું સુખ એ ખરેખર સુખ નથી પણ દુઃખ જ છે તે બાબત સમજી શકાતી નથી. દુઃખ-સુખનું લક્ષણ અને તેનું મૂળ કારણ સમજવાથી જ તે સમજી શકાય છે.

આ જીવ દુઃખ ટાળવાનો અને સુખ મેળવવાનો ઉપાય નિરંતર કરતો રહે છે. પણ તેના બધાં ઉપાયો જૂઠા હોય છે. શરીરનું દુઃખ ઔષધિથી, મનનું દુઃખ મનોરંજનથી, દરિદ્રતાનું દુઃખ ધનાદિથી અને અન્ય પ્રતિકૂળતાના દુઃખ અનુકૂળતાથી ટળતા હોય તો આ ઉપાય સાચા કહેવાય. પણ આવું ક્યારેય બનતું નથી. વળી પોતે જેને સુખ માને છે તે ખરેખર સુખ હોય તો સુખનો સરવાળો પણ સુખ હોય અને તેના પ્રત્યે ક્યારેય અણગમો ન થાય. એક લાડવો ખાવામાં સુખ હોય તો એકવીસ ખાવામાં વધુ સુખ થવું જોઈએ. પણ તેમ થતું નથી અને તેના પ્રત્યે અણગમો જ થાય છે. આ રીતે દુઃખ ટાળી સુખ મેળવવાના સઘળા ઉપાય જૂઠા છે. તેથી દુઃખ-સુખનું લક્ષણ અને તેનું મૂળ કારણ જાણવું જરૂરી છે.

જેમ કોઈ ધનનો ઇચ્છુક વેપારી માણસ જે કોઈ વેપાર કરે છે તે ધન કમાવવા માટે હોય છે. પણ તેનો વેપાર એવો છે કે તે ધન મેળવતો નથી અને ગુમાવે છે. અને તેને તેની ખબર પણ પડતી નથી. તેનો હિસાબ-કિતાબ સાચો નથી. ચોપડામાં નફો દેખાય છે પણ પૈસાની તંગી છે. ઘરમાં ખાવાની ખીચડી નથી અને હાંડલા હડીયું કાઢે છે ! તો આવા સંજોગોમાં તેણે પોતાનો હિસાબ ફરી તપાસવો જોઈએ અને કોઈ જાણકાર ઓડીટર પાસેથી પોતાની ભૂલ સમજી તેને સુધારવી જોઈએ. તો તેને ખબર પડશે કે પોતાની ખતવણી જ ખોટી છે. ખરેખર પોતે નફામાં નથી અને નુકસાનમાં છે. તો તે નુકસાનનો ધંધો સમેટી નફા માટેનો સાચો ધંધો કરશે. તેમ કોઈ સુખનો ઇચ્છુક સંસારી જીવ જે કોઈ સાંસારિક પ્રવૃત્તિ કરે છે તે સુખ મેળવવા માટે હોય છે. પણ તેની પ્રવૃત્તિ એવી છે કે તે સુખ મેળવતો નથી અને ગુમાવે છે. અને તેને તેની ખબર પણ નથી. તેની માન્યતા-અભિપ્રાય સાચો નથી. અનુભવમાં સુખ અનુભવાય છે પણ પરિણતિમાં શાંતિ કે સંતોષ નથી અને તે દામાડોળ છે ! તો આવા સંજોગોમાં તેણે પોતાના અભિપ્રાયને ફેર તપાસવો જોઈએ અને કોઈ જ્ઞાની ધર્માત્મા પાસેથી પોતાની ભૂલ સમજી તેને સુધારવી જોઈએ. તો પોતાને ખબર પડશે કે સુખ વિષેની પોતાની માન્યતા જૂઠી છે. ખરેખર પોતે સુખી નથી અને દુઃખી છે. તો તે દુઃખની પ્રવૃત્તિ સમેટી સુખ માટેની સાચી પ્રવૃત્તિ કરશે.

આ જગતમાં ધન કમાવવાનો કિમીયો બતાવનાર ઘણાં છે અને તેને અનુસરનાર પણ ઘણાં છે. પણ સાચા સુખનો ઉપાય બતાવનાર કોઈક વિરલ જ હોય છે અને તેને અનુસરનાર પણ કોઈક વિરલ જ હોય છે. શરીરના દર્દની સારવાર કરનાર નિષ્ણાત ડોક્ટર ઠેરઠેર જોવા મળે છે પણ આત્માનું દુઃખ મટાડનાર સાચો સંત શોધ્યોય જડતો નથી. શરીરના રોગના લક્ષણો અને તેના કારણો જાણી નિરોગી બનવાનો ઉપાય કરવામાં આવે છે તેમ આત્માના દુઃખના લક્ષણો અને તેના કારણો જાણી સુખી થવાનો ઉપાય કરવો જરૂરી છે.




આ જીવનું એક માત્ર પ્રયોજન દુઃખ મટાડી સુખ ઉપજાવવાનું છે ત્યારે સુખ-દુઃખના લક્ષણ અને

તેના કારણો જાણવા અત્યંત આવશ્યક જ નહિ અનિવાર્ય પણ છે. સંસારસુખ અને મોક્ષસુખ પરસ્પર તદ્દન વિરોધી હોવાથી એક સાથે સંભવી શકતા નથી. તેથી જે સંસારના બંધમાર્ગ અને તેના દુ:ખનું કારણ હોય તે મોક્ષના મોક્ષમાર્ગ અને તેના સુખનું કારણ હોઇ શકે નહિ. બંધમાર્ગ અને તેના દુ:ખનો નાશ કરી મોક્ષમાર્ગ અને તેના સુખને પ્રગટાવવું હોય તો તેઓના મૂળ કારણ શોધવા અને સમજવા એકદમ જરૂરી છે. બંધમાર્ગ અને તેના દુ:ખનું મૂળકારણ મિથ્યાત્વ છે અને મોક્ષમાર્ગ અને તેના સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. મિથ્યાત્વને મટાડી સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાથી બંધમાર્ગ અને તેના દુ:ખનો નાશ થઈ મોક્ષમાર્ગ તેના સુખની પ્રગટતા થાય છે. શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં--

(હરિગીત)

*જે જે કારણ બંધના, તેહ બંધના પંથ;*
*તે કારણ છેદક દશા, મોક્ષ-પંથભવઅંત.*

**ભાવાર્થ : જે જે કારણ બંધના છે એ બંધમાર્ગ અને તેના દુ:ખનો પંથ છે. અને તેવા કારણને છેદનારી દશા તે મોક્ષમાર્ગ અને તેના સુખનો પંથ છે. મિથ્યાત્વના કારણે બંધમાર્ગ અને તેનું દુ:ખ હોય છે અને સમ્યક્ત્વના કારણે મોક્ષમાર્ગ અને તેનું સુખ હોય છે. આવા દુ:ખ-સુખના સાચા કારણોને ઓળખવાથી અનાદિ ભવ સંતતિ અને તેના દુ:ખનો નાશ થઈ મોક્ષમાર્ગ અને તેનાં સુખની પ્રાપ્તિ થાય છે.** (શ્રીમદ્ રાજચંદ્ર : આત્મસિદ્ધિ : ગાથા ૯૯)

## દુ:ખ-સુખનું લક્ષણ અને તેના ઉત્તરોત્તર કારણો

(હરિગીત)


*'સમ્યક્ત્વ ગુણ, મિથ્યાત્વ દોષ' તું એમ મન સુવિચારીને,*
*કર તે તને જે મન રુચે, બહુ કથન શું કરવું અરે ?*

**ભાવાર્થ :** હે ભવ્ય ! આત્માના સઘળાં દોષો અને તેથી થતા દુ:ખનું મૂળ કારણ **મિથ્યાત્વ** છે અને સઘળાં ગુણો અને તેથી થતા સુખનું મૂળ કારણ **સમ્યક્ત્વ** છે. તે બાબતની મનથી સારી રીતે વિચારણા કર અને જે પોતાને રુચે, પ્રિય લાગે તે કર. બહુ કથન કરવાથી શું સાધ્ય છે ?(અહીં આચાર્યના કથનનો આશય એવો છે કે દુ:ખનું મૂળ કારણ મિથ્યાત્વ અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ હોવાથી દુ:ખ ટાળી સુખ પ્રગટાવવા માટે મિથ્યાત્વને છોડો અને સમ્યક્ત્વને ગ્રહણ કરો) (મોક્ષપાહુડ: ગાથા ૯૬)

જગતનું કહેવાતું સુખ ભ્રામક અને છેતરામણું છે. વાસ્તવમાં તે સુખ જ નથી પણ દુ:ખ જ છે. જે જીવ દુ:ખને જ સુખ માની બેસે તે સાચા સુખનો ઉપાય કઈ રીતે કરી શકે ? ન જ કરી શકે. અજ્ઞાની જીવ અનાદિકાળથી આજ સુધી સુખ માટેનો જ ઉદ્યમ કરતો આવ્યો છે. પણ તેને સાચા સુખનો એક અંશ પણ ઉપલબ્ધ થયો નથી. અનાદિનું દુ:ખ ટાળી સાચા સુખની પ્રગટતા કરવા માટે દુ:ખ-સુખનું સાચું સ્વરૂપ સમજવું જરૂરી છે. દરેક જીવ દુ:ખથી ડરે છે અને સુખને ઈચ્છે છે પણ સુખ-દુ:ખના સાચા સ્વરૂપને સમજતો નથી. તેથી તે સુખના કારણોને ગ્રહણ કરતો નથી અને દુ:ખના કારણોને છોડતો નથી.

દુ:ખનું મૂળ કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વના કારણે રાગ, રાગના કારણે પરચારિત્ર, પરચારિત્રથી સ્વભાવનો ઘાત, સ્વભાવના ઘાતથી ઈચ્છાઓની ઉત્પત્તિ અને ઈચ્છાઓને કારણે આકુળતા હોય છે. અને આકુળતા પોતે જ દુ:ખ છે. તેથી દુ:ખનું મૂળ કારણ મિથ્યાત્વ જ જાણવું. અને તેનાથી વિપરીત સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ જાણવું. સમ્યક્ત્વના કારણે વીતરાગતા, વીતરાગતાથી સ્વચારિત્ર, સ્વચારિત્રથી સ્વભાવના ઘાતનો અભાવ, સ્વભાવના ઘાતના અભાવથી ઈચ્છાઓનો અભાવ અને ઈચ્છાઓના અભાવથી આકુળતાનો અભાવ થઈ નિરાકુળતા ઉપજે છે. આ નિરાકુળતા પોતે જ સુખ છે. તેથી સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ જ જાણવું. તેથી દુ:ખ ટાળી સુખ પ્રગટાવવા માટે મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો જોઈએ. સુખ-દુ:ખના આવા સ્વરૂપને સમજાવતો દુ:ખ-સુખના લક્ષણ અને તેના ઉત્તરોત્તર કારણોને દર્શાવતો આધારભૂત કોઠો આ નીચે છે.

દુ:ખ-સુખનું લક્ષણ અને તેનું ઉતરોત્તર કારણ દર્શાવતો કોઠો




ઉપરોક્ત કોઠા અનુસારના દરેક મુદ્દાની સમજૂતી આ નીચે આપવામાં આવે છે.

## દુઃખનું લક્ષણ : આકુળતા ( PERTUBEDNESS )
અને
## સુખનું લક્ષણ : નિરાકુળતા( UNPERTUBEDNESS )

વ્યાખ્યા : **પોતાની પરિણતિ કે ઉપયોગની અસ્થિરતાને આકુળતા અને તે જ પરિણતિ કે ઉપયોગની સ્થિરતાને નિરાકુળતા કહે છે. આકુળતા એ દુઃખનું અને નિરાકુળતા એ સુખનું લક્ષણ છે.**



સમજૂતીઃ આકુળતાનો અર્થ ઉપયોગની અસ્થિરતા છે. મનુષ્યના ઉપયોગમાં મનનું નિમિત્તપણું હોય છે તેથી ઉપયોગની અસ્થિરતાને મનની અસ્થિરતા કે ચિતની ચંચળતા પણ કહે છે. જેટલી ઉપયોગની અસ્થિરતા કે ચિત્તની ચંચળતા વધુ તેટલી આકુળતા વધુ હોય છે. આ આકુળતા પોતે જ દુઃખ છે. ઉપયોગની સ્થિરતાના અંશો વધુ તેટલી નિરાકુળતા વધુ હોય છે. આ નિરાકુળતા પોતે જ સુખ છે.

*આકુળતા એ દુઃખનું અને નિરાકુળતા એ સુખનું લક્ષણ કઈ રીતે ?*

अशान्तस्य कुत: सुखम् । એ ઉક્તિ અનુસાર અશાંત એટલે કે અસ્થિર કે ચંચળ હોય તેને કદાપિ સુખ હોય નહિ. અસ્થિરતા કે ચંચળતા એ જ આકુળતા છે. તેથી દુઃખનું લક્ષણ આકુળતા અને સુખનું લક્ષણ નિરાકુળતા છે. આકુળતા વડે દુઃખને અને નિરાકુળતા વડે સુખને ઓળખી શકાય છે. અહીં દુઃખ કે સુખના લક્ષણની વાત છે પણ કારણની વાત નથી. આ પછીના મુદ્દાઓમાં ઉત્તરોત્તર કારણની વાત છે. જયાં અશાંતિ, અસમાધિ કે અસ્થિરતા હોય તે પોતે જ આકુળતામય દુઃખ છે અને જયાં શાંતિ, સમાધિ કે સ્થિરતા હોય તે પોતે જ નિરાકુળતામય સુખ છે. આ જીવને જેટલી આકુળતા વધુ તેટલું દુઃખ પણ વધુ હોય છે અને આકુળતા ઓછી થતા દુઃખ પણ ઓછું થાય છે તે દરેકનો પ્રત્યક્ષ અનુભવ છે. આકુળતાનો અભાવ તે દુઃખનો પણ અભાવ છે. અજ્ઞાની જીવને આકુળતાના અભાવરૂપ નિરાકુળ સુખની પ્રાપ્તિ બિલકુલ હોતી નથી. તોપણ નિરાકુળતામાં જ સુખ છે એ સમજી શકાય છે. આ રીતે નિરાકુળતા વડે સુખને અને આકુળતા વડે દુઃખને ઓળખી શકાતું હોવાથી સુખ-દુઃખનું લક્ષણ નિરાકુળતા-આકુળતા જાણવું. અજ્ઞાનીને હંમેશા આકુળતા જ હોય છે અને નિરાકુળતા માત્ર જ્ઞાનીને જ સંભવે છે.

*અજ્ઞાનીને આકુળતા અને જ્ઞાનીને નિરાકુળતા કઈ રીતે ?*

જગતના અજ્ઞાની પ્રાણીની પરિણતિ કે ઉપયોગ એકદમ અસ્થિર હોય છે. તે સતત પલટાયા કરે છે અને એક જગ્યાએ ઠરી ઠામ થતો જ નથી. એક વિષયને છોડીને બીજા વિષયને અને તેને છોડીને વળી ત્રીજા વિષયને એમ તેનો ઉપયોગ સતત ઘૂમરાયા કરે છે. શુદ્ધાત્માના આશ્રય વિના પરમાં પ્રવર્તતો ઉપયોગ નિરાશ્રિત હોવાથી તે નિરંતર બદલાયા જ કરે છે. ઉપયોગની આવી અસ્થિરતા એ જ અજ્ઞાનીની આકુળતા અને દુઃખ છે. જયારે તેનાથી વિરુદ્ધ જ્ઞાની ધર્માત્મા પોતાના શુદ્ધાત્માના આશ્રયે નિર્વિકલ્પ સ્વાત્માનુભુતિમાં સ્થિત હોય છે ત્યારે તેમનો ઉપયોગ સ્થિર બને છે. તે સમયે ઉપયોગની સ્થિરતા અનુસાર તેમને નિરાકુળતામય સુખની પ્રાપ્તિ હોય છે. જ્ઞાનીની સાધક દશામાં આ સ્થિરતાના અંશો પૂર્ણ હોતા નથી અને પોતાના પુરુષાર્થની કમજોરી હોય ત્યારે ઉપયોગ ફરીથી સવિકલ્પ દશામાં આવી અસ્થિર બને છે. ત્યારે ઉપયોગની અસ્થિરતા અનુસાર આકુળતા અને દુઃખ જ્ઞાનીને પણ હોય છે. પરંતુ જ્ઞાનીને આત્માની 'ઊર્ધ્વતા અને સ્વપરનું ભેદજ્ઞાન કાયમ માટે હોવાથી તેમની અસ્થિરતા મર્યાદિત અને અલ્પ હોય છે. તેથી સરખા સંજોગોમાં જ્ઞાનીને અજ્ઞાની જેવી આકુળતા અને દુઃખ હોતું નથી.

### અંચલિકા

આત્માનું હિત પોતાના સુખમાં છે. આ સુખ એ નિરાકુળતામય આત્માની અવસ્થા છે. આ નિરાકુળતા સમ્યક્ત્વના કારણે પ્રગટ થતા મોક્ષમાર્ગના આશ્રયે હોય છે. મોક્ષમાર્ગમાં આંશિક નિરાકુળતા અને આંશિક સુખ તેમજ મોક્ષમાં પૂર્ણ નિરાકુળતા અને પૂર્ણ સુખ હોય છે. આત્મિક સુખના ઈચ્છુક ભવ્ય જીવોએ આ મોક્ષમાર્ગની જ આરાધના કરવી જોઈએ. પંડિત દૌલતરામના શબ્દોમાં—

(છંદ : નરેન્દ્ર કે જોગીરાસા)

**आतम को हित है सुख, सो सुख आकुलता-बिन कहिये ।**
**आकुलता शिवमांहि न तातैं, शिवमग लागौ चहिये ।।**

ભાવાર્થ : **આત્માનું હિત તેના સુખમાં છે. સુખનું સ્વરૂપ આકુળતા વિનાનું છે. આકુળતા મોક્ષ અને તેના માર્ગમાં નથી. તેથી મોક્ષમાર્ગમાં જ લાગ્યા રહેવું જોઈએ.**

(છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૧ નો પૂર્વાર્ધ)

## આકુળતાનું કારણ : ઈચ્છાઓનો સદ્‌ભાવ (DESIRENESS) અને
## નિરાકુળતાનું કારણ : ઈચ્છાઓનો અભાવ (DESIRELESSNESS)

વ્યાખ્યા : પોતાના કહેવાતા સુખ કે શાંતિ માટે પરવિષયોને મેળવવાની, સાચવવાની અને ભોગવવાની ભાવનાને ઈચ્છાઓ કહે છે. અને પોતાનું સુખ કે શાંતિ પોતાનામાં જ છે અને પોતાના શુદ્ધાત્માના આશ્રયે જ ઉત્પન્ન થાય છે, તેમ સમજી પરવિષયોની અપેક્ષા અને અભિલાષાનો ત્યાગ કરવો તેને ઈચ્છાઓનો અભાવ કહે છે. ઈચ્છાઓના સદ્‌ભાવના કારણે આકુળતા અને ઈચ્છાઓના અભાવના કારણે નિરાકુળતા હોય છે.

સમજૂતી : પરમાંથી સુખ મેળવવા પરવિષયો પ્રત્યેના પ્રયોજનના કારણે થતી પરપરિણતિ એ જ ઈચ્છા છે. જેટલા પ્રકારે પરવિષયોનું પ્રયોજન હોય તેટલા પ્રકારની ઈચ્છાઓ હોય છે. પરવિષયો પ્રત્યેની આસક્તિ અનુસાર ઈચ્છાઓની તીવ્રતા હોય છે. પાંચ ઈન્દ્રિયો સંબંધી પરવિષયો માત્ર પાંચ પ્રકારના નથી. પણ એક એક ઈન્દ્રિય સંબંધી પરવિષયો અનેક પ્રકારના હોય છે. તેથી એક એક ઈન્દ્રિયવિષય સંબંધી ઈચ્છાઓ પણ અનેક પ્રકારની હોય છે. ઈચ્છાઓના સદ્‌ભાવના કારણે આકુળતા હોય છે.



આકુળતાનું કારણ : ઈચ્છાઓનો સદ્‌ભાવ અને નિરાકુળતાનું કારણ : ઈચ્છાઓનો અભાવ દર્શાવતું ચિત્ર

જેણે પરમાં પોતાનું સુખ માન્યું નથી અને પોતાનું સુખ પોતાનામાંથી જ પ્રગટે છે તેમ જાણ્યું છે અને અનુભવ્યું છે તેને પોતાના સુખ માટે કોઈ પરનું પ્રયોજન નથી. તેથી તેને પરના લક્ષે થતી અભિપ્રાયપૂર્વકની ઈચ્છાઓ હોતી નથી. ઈચ્છાઓના અભાવના કારણે નિરાકુળતા હોય છે.

***ઈચ્છાઓના સદ્‌ભાવના કારણે આકુળતા અને તેના અભાવને કારણે નિરાકુળતા કઈ રીતે ?***

ઈચ્છાઓના સદ્‌ભાવના કારણે પરપ્રવૃત્તિ કે પરપરિણતિ હોય છે. પરમાં પ્રવર્તતી પરિણતિને કોઈ આશ્રયસ્થાન નથી. વળી પરમાંથી પોતાને કશું પ્રાપ્ત પણ થતું નથી. તેથી આવી પરિણતિ સતતપણે પલટતી એવી અસ્થિર હોય છે. પરિણતિની અસ્થિરતા એ જ આકુળતા છે. તેથી આકુળતાનું કારણ ઈચ્છાઓનો સદ્‌ભાવ જ સમજવો. જ્યાં ઈચ્છાઓ ઘણી છે ત્યાં આકુળતા પણ ઘણી છે અને જ્યાં ઈચ્છાઓ ઓછી છે ત્યાં આકુળતા પણ ઓછી છે.

જ્યારે ઈચ્છાઓનો અભાવ થાય છે ત્યારે પરવિષયો તરફની પરપ્રવૃત્તિ કે પરપરિણતિ પણ હોતી નથી. અને તે સમયે પોતાની પરિણતિ પરમાંથી પાછી વળી પોતાના શુદ્ધાત્માના આશ્રયે સ્થિર બને છે. પરિણતિની સ્થિરતા એ જ નિરાકુળતા છે. તેથી નિરાકુળતાનું કારણ ઈચ્છાઓનો અભાવ જ જાણવું. અજ્ઞાનીને ઈચ્છાઓનો અભાવ ક્યારેય હોતો નથી. જ્ઞાનીને જ ઈચ્છાઓનો અભાવ હોઈ શકે છે.

***અજ્ઞાનીને ઈચ્છાઓનો સદ્‌ભાવ અને જ્ઞાનીને ઈચ્છાઓનો અભાવ કઈ રીતે ?***

અજ્ઞાની પ્રાણીઓને પોતાના સુખ સ્વરૂપની સાચી સમજણ નથી અને પરવિષયોમાંથી પોતાને સુખ મળે છે એવી ભ્રાંતિ છે. પરમાં સુખબુદ્ધિરૂપ મિથ્યા માન્યતાના કારણે તેને પરવિષયો મેળવવાની, સાચવવાની અને ભોગવવાની ભાવનારૂપ ઈચ્છાઓ નિરંતરપણે હોય છે. પરવિષયો અનેક પ્રકારના હોવાથી ઈચ્છાઓ પણ અનેક પ્રકારની હોય છે. અજ્ઞાની જીવને પ્રગટપણે કે વ્યક્તપણે અનેક પ્રકારની ઈચ્છાઓ હોય છે અને અપ્રગટપણે કે અવ્યક્તપણે પણ અનેક પ્રકારની ઈચ્છાઓ હોય છે. અજ્ઞાનીની ઈચ્છાઓ આકાશ સમાન અનંત હોય છે. જેમ દશેય દિશાઓમાં વિસ્તરેલા આકાશનો અંત હોતો નથી તેમ અજ્ઞાનીની ઈચ્છાઓનો પણ અંત હોતો નથી. પરંતુ જ્ઞાની સમજે છે કે પરપદાર્થમાં પોતાનું સુખ હોતું નથી અને હોય તોય તે પોતાને પ્રાપ્ત થઈ શકતું નથી. વળી પોતે જ સ્વયમેવ સુખ સ્વભાવી છે. તેથી પોતાના સુખ માટે પરવિષયોનું કાંઈ પ્રયોજન નથી તેથી જ્ઞાનીને શ્રદ્ધાન કે અભિપ્રાય અપેક્ષાએ પરપરિણતિ કે પરપ્રવૃત્તિનો અભાવ છે. તેથી અભિપ્રાય અપેક્ષાએ ઈચ્છાઓનો અભાવ છે. તેમ છતાં ચારિત્રની અસ્થિરતાના કારણે સવિકલ્પદશા સમયે જ્ઞાનીને પણ પરપરિણતિ કે પરપ્રવૃત્તિ હોય છે અને તેથી અસ્થિરતાના કારણે થતી ઈચ્છાઓ હોય છે. તોપણ તે

અજ્ઞાની જેવી હોતી નથી. જ્ઞાનીને ચારિત્રની અસ્થિરતાના કારણે થતી મર્યાદિત અલ્પ ઈચ્છાઓ હોવા છતાં શ્રદ્ધાન કે અભિપ્રાય અપેક્ષાએ તો તેને ઈચ્છાઓનો સમૂળગો અભાવ જ હોય છે.

**અંચલિકા**

જીવના આકુળતામય દુ:ખનું કારણ ઈચ્છાઓનો સદ્ભાવ છે અને નિરાકુળતામય સુખનું કારણ ઈચ્છાઓનો અભાવ છે. અજ્ઞાની જીવ પરવિષયોમાં પોતાનું સુખ માની અનેક પ્રકારની ઈચ્છાઓ ધરાવે છે. આ ઈચ્છાઓના કારણે પરપ્રવૃત્તિ કે પરપરિણતિ હોય છે અને તેના કારણે અસ્થિરતા કે આકુળતા હોય છે. આકુળતા પોતે જ દુ:ખ છે. તેથી જીવના દુ:ખનું પ્રત્યક્ષ કે સીધું કારણ આ ઈચ્છાઓ જ જાણવી. આ જીવ પરવિષયોમાંથી સુખ મેળવવાની અનાદિની ભૂલ ટાળે તો જ તેની ઈચ્છાઓ અને તેના કારણે થતા આકુળતામય દુ:ખનો અભાવ થાય અને આત્મિક સુખની ઉત્પતિ થાય. આ બાબત શ્રીમદ્ રાજચંદ્રના શબ્દોમાં—

**क्या इच्छत खोवे सबै, है इच्छा दु:ख मूल ।**
**जब इच्छा का नाश तब, मिटे अनादि मूल ।।**

ભાવાર્થ : હે ભાઈ ! તું પરવિષયોને મેળવવાની, સાચવવાની કે ભોગવવાની ભાવનારૂપ ઈચ્છાઓ કરીને શું કરે છે ? તેનાથી તું પરમાંથી કોઈ સુખ મેળવતો નથી અને અંદરનું આત્મિક સુખ ખોઈ બેસે છે. તેથી આ ઈચ્છાઓ જ સઘળાં દુ:ખોનું મૂળ જાણવું. તારું અનાદિનું અજ્ઞાન ટળે તો જ આ ઈચ્છાઓનો નાશ થાય અને આત્મિક સુખની ઉત્પતિ થાય. (શ્રીમદ્ રાજચંદ્ર : હાથનોંધ ૧૨, પાનું ૭૯૬)




**ઈચ્છાઓના સદ્ભાવનું કારણ : સ્વભાવપ્રતિઘાતનો સદ્ભાવ (OBSCURING OF INTRINSIC NATURE)** અને **ઈચ્છાઓના અભાવનું કારણ : સ્વભાવપ્રતિઘાતનો અભાવ (NON-OBSCURING OF INTRINSIC NATURE)**

વ્યાખ્યા : પોતાના ત્રિકાળ પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવ જેવી પૂર્ણ અને શુદ્ધ અવસ્થા ન થવી અને તેમાં કોઈ આવરણ, ઊણપ, ઓછપ કે વિકૃતિના કારણે અપૂર્ણતા કે અશુદ્ધતા થવી તેને સ્વભાવપ્રતિઘાતનો સદ્ભાવ કહે છે. અને પોતાના સ્વભાવ જેવી જ પૂર્ણ અને શુદ્ધ દશા થવી તેને સ્વભાવપ્રતિઘાતનો અભાવ કહે છે. સ્વભાવપ્રતિઘાતના સદ્ભાવના કારણે ઈચ્છાઓની ઉત્પત્તિ હોય છે અને તેના અભાવના કારણે ઈચ્છાઓનો પણ અભાવ હોય છે.

સમજૂતી : પોતાનો ત્રિકાળી સામાન્ય સ્વભાવ શુદ્ધ અને પૂર્ણ છે. પોતાના ત્રિકાળી શુદ્ધ અને પૂર્ણ સ્વભાવ જેવી પલટતી પર્યાયની પ્રગટતા ન થવી તે સ્વભાવનો પ્રતિઘાત છે. પોતાના સ્વભાવના અસ્વીકાર અને અનાદરના કારણે સ્વભાવમાંથી છૂટી ગયેલી પરિણતિની પરાશ્રયે થતી પ્રગટતા અશુદ્ધ અને અપૂર્ણ વિભાવરૂપ થાય છે. તેને સ્વભાવપ્રતિઘાતનો સદ્ભાવ કહે છે. સ્વભાવપ્રતિઘાતના સદ્ભાવના કારણે શુદ્ધ અને પૂર્ણ સ્વભાવનો ઘાત થઈ તેની પ્રગટતામાં આવરણ, ઊણપ, ઓછપ કે વિકૃતિરૂપ વિભાવની ઉત્પત્તિ હોય છે. તેથી સ્વભાવપ્રતિઘાતના કારણે જ અનેક પ્રકારની ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે. એટલે કે સ્વભાવપ્રતિઘાતનો સદ્ભાવ જ ઈચ્છાઓના સદ્ભાવનું કારણ છે.

પોતાના શુદ્ધ અને પૂર્ણ ત્રિકાળ સામાન્ય સ્વભાવના સ્વીકાર અને આદરપૂર્વક તેનો આશ્રય થતા પોતાની પલટતી પર્યાય પણ પોતાના ત્રિકાળ સામાન્ય સ્વભાવ જેવી જ શુદ્ધ અને પૂર્ણ હોય છે. તેને સ્વભાવ પ્રત્યેના ઘાતનો અભાવ અર્થાત્ સ્વભાવપ્રતિઘાતનો અભાવ કહે છે. સ્વભાવપ્રતિઘાતના અભાવના કારણે પોતાની પર્યાયમાં કોઈ આવરણ, ઊણપ, ઓછપ કે વિકૃતિરૂપ વિભાવની ઉત્પત્તિ થતી નથી. અને સ્વભાવ જેવી જ શુદ્ધ અને પૂર્ણ પર્યાયની ઉત્પત્તિ થાય છે. આ સ્વભાવપ્રતિઘાતનો અભાવ જ ઈચ્છાઓના અભાવનું કારણ બને છે.

***સ્વભાવપ્રતિઘાતના સદ્ભાવના કારણે ઈચ્છાઓનો સદ્ભાવ અને તેના અભાવના કારણે ઈચ્છાઓનો અભાવ કઈ રીતે ?***


પોતાનો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ જ્ઞાન, સુખ જેવા અનંતાનંત ગુણોથી ભરપુર છે. પોતાના એક એક ગુણનું પરિપૂર્ણ અનંત સામર્થ્ય છે. પોતાના સ્વભાવથી પોતે જ પરમાત્મા

છે. આવા પરિપૂર્ણ શુદ્ધ સ્વભાવનો અસ્વીકાર અને અનાદર કરી તેનો આશ્રય ન કરવાથી તે સ્વભાવની વ્યક્તતા થતી નથી અને તેનો ઘાત થાય છે. તેથી પોતાની વ્યક્ત અવસ્થામાં આવરણ, ઊણપ, ઓછપ કે વિકૃતિરૂપ વિભાવની ઉત્પત્તિ થાય છે. તેને સ્વભાવનો પ્રતિઘાત કહે છે. સ્વભાવપ્રતિઘાતના કારણે પોતાની પર્યાયમાં જે અપૂર્ણતા હોય છે તેને મોહના કારણે પરવિષયોમાંથી પૂર્ણ કરવાની ભાવના જાગે છે તેને ઈચ્છા કહે છે. પોતાનો સ્વભાવ અનંત શક્તિઓથી ભરપુર છે અને દરેક શક્તિનું સામર્થ્ય પણ અનંત અને અમર્યાદિત છે. આવા સ્વભાવનો ઘાત થતા પોતાની અવસ્થામાં જે અપૂર્ણતા, ઊણપ, ઓછપ, અધૂરાશ, ખામી કે ખાડો હોય છે તે પણ અનંત અને અમર્યાદિત હોય છે. તેથી તેને પૂર્ણ કરવા માટે થતી પરવિષયોની અભિલાષારૂપ ઈચ્છાઓ પણ અનંત અને અમર્યાદિત હોય છે. સ્વભાવપ્રતિઘાતના કારણે થતી સ્વભાવની અપ્રગટતા પોતે જ ઈચ્છાઓનું કારણ બને છે. આત્માની શક્તિઓ અનેક પ્રકારની છે અને તેના ઘાતના કારણે થતી ઈચ્છાઓ પણ અનેક પ્રકારની છે. એક એક શક્તિનું સામર્થ્ય અનંત હોવાથી તેના ઘાતથી ઉત્પન્ન એક એક પ્રકારની ઈચ્છાનું 'પરિમાણ પણ અનંત છે.

આ રીતે સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ જ ઈચ્છાઓના સદ્‌ભાવનું કારણ છે અને તેથી વિરુદ્ધ સ્વભાવપ્રતિઘાતનો અભાવ જ ઈચ્છાઓના અભાવનું કારણ છે. અજ્ઞાનીને હંમેશા સ્વભાવ પ્રતિઘાતનો સદ્‌ભાવ રહ્યા જ કરે છે અને જ્ઞાનીને જ તેનો અભાવ સંભવે છે.

***અજ્ઞાનીને સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ અને જ્ઞાનીને સ્વભાવપ્રતિઘાતનો અભાવ કઈ રીતે ?***

અજ્ઞાની જીવને પોતાના શુદ્ધ અને પરિપૂર્ણ સ્વભાવની ઓળખાણ, આશ્રય કે અનુભવ નથી. પોતે જ જ્ઞાન, સુખાદિ અનંત ગુણોના અનંત સામર્થ્યથી ભરપૂર હોવા છતાં તેને તેની ખબર નથી. અને પોતાને પરજ્ઞેયોમાંથી જ્ઞાન આવે છે, પરવિષયોમાંથી સુખ મળે છે તેવા પ્રકારની ભ્રાંતિ હોય છે. તેથી તેની પરિણતિ પરસન્મુખ જ પ્રવર્તે છે. પરસન્મુખતા અને પરાશ્રયના કારણે સ્વસન્મુખતા કે સ્વાશ્રય હોતો નથી. સ્વાશ્રય વિના સ્વભાવનો ઘાત થાય છે. વળી અજ્ઞાની જીવને પર્યાયદૃષ્ટિ હોવાથી પોતાને પલટતી પર્યાયસ્વભાવપણે જ સ્વીકારે છે અને ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવપણે સ્વીકારતો નથી. અજ્ઞાનીની પર્યાય પરાશ્રિત હોય છે. પર્યાયદૃષ્ટિના કારણે



તેનું પરાશ્રિતપણુ ચાલુ જ રહે છે. પરાશ્રિતપણાના કારણે સ્વભાવ પ્રત્યેનો ઘાત એટલે કે સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ રહ્યા કરે છે.

જ્ઞાનીને પોતાના શુદ્ધ અને પરિપૂર્ણ સ્વભાવની ઓળખાણ, આશ્રય અને અનુભવ છે. પોતાના શુદ્ધ સ્વભાવનો સ્વીકાર અને આદર છે. તેથી તેને સ્વભાવ તરફની સ્વસન્મુખતા અને સ્વાશ્રય હોય છે. સ્વાશ્રયના કારણે સ્વભાવનો ઘાત થતો નથી. તેથી જ્ઞાનીને સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે. જ્ઞાનીને જ્ઞાન અને શ્રદ્ધાત અપેક્ષાએ સ્વભાવ તરફનું જ વલણ હોવાથી અભિપ્રાય અપેક્ષાએ સ્વભાવપ્રતિઘાતનો તદ્દન અભાવ છે. તોપણ જ્ઞાનીને નિર્વિકલ્પદશાની સાધકદશા સાથે સવિકલ્પદશાની બાધકદશા પણ હોય છે. સવિકલ્પદશા સમયે ચારિત્ર અપેક્ષાની અસ્થિરતાના કારણે પરચારિત્ર પ્રવર્તતુ હોવાથી સ્વભાવનો ઘાત જ્ઞાનીને પણ જોવા મળે છે. તેમ છતાં જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન અને સ્વભાવ તરફનું લક્ષ સદાય બન્યું રહેતું હોવાથી તેનો સ્વભાવપ્રતિઘાત અજ્ઞાની જેવો હોતો નથી પણ ઘણો અલ્પ હોય છે. આ રીતે ચારિત્ર અપેક્ષાએ કિંચિત્ અસ્થિરતાજન્ય સ્વભાવનો પ્રતિઘાત હોવા છતાં જ્ઞાનીને અભિપ્રાય અપેક્ષાએ સ્વભાવપ્રતિઘાતનો અભાવ જ છે.

## અંચલિકા

પોતાના સ્વભાવનો ઘાત એ જ પોતાના સુખનો ઘાત છે. સ્વભાવમાં સુખ ઉપરાંત જ્ઞાન, દર્શનાદિ અનંત ગુણો હોય છે. બારમા ગુણસ્થાન સુધી ઘાતિકર્મોના સદ્‌ભાવના કારણે સ્વભાવનો અમુક અંશે ઘાત હોય છે. તેથી સંપૂર્ણ સુખ હોતું નથી. તેરમા ગુણસ્થાને ઘાતિકર્મોનો અભાવ થવાથી પૂર્ણ અને અનંત સુખ હોય છે.

પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વરૂપની સમજણ, સ્વીકાર, ઓળખાણ, આદર અને અનુભવપૂર્વક તે સ્વરૂપમાં જ સ્થિત રહેવું તે જ સ્વભાવપ્રતિઘાતના અભાવનું કારણ છે. પ્રથમ ભૂમિકામાં પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ ભેદરૂપ વ્યવહારનય દ્વારા કરાવવવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપની ઓળખાણ થયા બાદ તે સ્વરૂપમાં સ્થિત રહેવા માટે સઘળાં ભેદોને ગૌણ કરવામાં આવે છે. પોતે શુદ્ધ છે, બુદ્ધ છે, પૂર્ણ છે, અભેદ છે, એકરૂપ છે, અખંડ છે એવા નિશ્ચયનયના વિષયભૂત ભેદો કે વિકલ્પોને પણ છોડવામાં આવે છે અને ત્યારે જ વિકલ્પાતીત

નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ થાય છે. તેથી શુદ્ધ સ્વભાવનો આશ્રય થવાથી સ્વભાવપ્રતિઘાતનો અભાવ થાય છે. કોઈપણ નયનો પક્ષપાત વિકલ્પાત્મક હોય છે તેથી સઘળાં નયોના પક્ષપાતને છોડીને જે પોતાના શુદ્ધ સ્વરૂપમાં જ સ્થિત રહે છે તે જ સ્વભાવપ્રતિઘાતથી બચી સાક્ષાત્ સુખામૃતનો આસ્વાદ અનુભવે છે.

જ્ઞાનીએ અભિપ્રાય અપેક્ષાના સ્વભાવપ્રતિઘાતનો અભાવ કર્યો હોવા છતાં ચારિત્ર અપેક્ષાના સ્વભાવપ્રતિઘાતથી બચવા માટે હું શુદ્ધ છું, પૂર્ણ છું એવા શુદ્ધનયના કે નિશ્ચયનયના વિષયભૂત નયોના પક્ષપાતને છોડીને સઘળાં વિકલ્પોના અભાવ પૂર્વક નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિમાં જ સ્થિત રહેવું જરૂરી છે. જેના કારણે સ્વભાવપ્રતિઘાતનો અભાવ થશે અને આત્માના અતીન્દ્રિય આત્મિક સુખનો અનુભવ થશે. આચાર્યશ્રી અમૃતચંદ્રના શબ્દોમાં—


(ઉપેન્દ્રવજ્રા)

**य एव मुक्त्वा नयपक्षपातं**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति ।।**

ભાવાર્થ : કોઈપણ નયોનો પક્ષ વિકલ્પ જ ઉત્પન્ન કરનાર હોવાથી જ્ઞાનીએ સઘળા નયોના પક્ષપાતને છોડીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહેવું જોઈએ. તેમ કરવાથી જેનું ચિત્ત સમસ્ત પ્રકારના વિકલ્પોની જાળથી રહિત શાંત થયું થકુ સ્વભાવનો પ્રતિઘાત પામતું નથી. અને તેથી સ્વભાવપ્રતિઘાતના અભાવથી ઉત્પન્ન થતા સાક્ષાત્ સુખામૃતને પીએ છે.
(સમયસાર આત્મખ્યાતિ : શ્લોક નં. ૬૯)

**સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવનું કારણ : પરચારિત્ર (EXTROVERT CHARACHTER) અને**
**સ્વભાવપ્રતિઘાતના અભાવનું કારણ : સ્વચારિત્ર (INTROVERT CHARACHTER)**

વ્યાખ્યા : ચારિત્ર ગુણનું કાર્ય સ્થિરતા, લીનતા કે એકાગ્રતા છે. પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા, લીનતા કે એકાગ્રતા તે સ્વચારિત્ર છે અને પોતાના શુદ્ધ સ્વરૂપને ચૂકીને કોઈ પરવિષયમાં સ્થિરતા, લીનતા કે એકાગ્રતાનો પ્રયાસ તે પરચારિત્ર છે. પરચારિત્ર એ સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવનું અને સ્વચારિત્ર એ સ્વભાવપ્રતિઘાતના અભાવનું કારણ છે.




સમજૂતી : ચારિત્ર એ આત્માનો અગત્યનો ચાવીરૂપ ગુણ છે. આ ચારિત્ર ગુણ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતાનું કાર્ય કરે તો તે સ્વચારિત્ર છે અને સ્વચારિત્રથી ભ્રષ્ટ થઈને કોઈ પરપદાર્થમાં સ્થિરતાનો પ્રયત્ન કરે તો તે પરચારિત્ર છે. સ્વચારિત્ર એ જ નિશ્ચયથી આત્માનો ધર્મ, મોક્ષમાર્ગ, અને તેનું સુખ છે. સ્વચારિત્ર એ ચારિત્રગુણનું સ્વાભાવિક કાર્ય છે. તેનાથી આત્માનો સ્વભાવપ્રતિઘાત અટકે છે અને તેથી વિપરીત પરચારિત્રના કારણે સ્વભાવનો પ્રતિઘાત થાય છે.

***પરચારિત્રના કારણે સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ અને સ્વચારિત્રના કારણે સ્વભાવપ્રતિઘાતનો અભાવ કઈ રીતે ?***

પરચારિત્રના કારણે પરાશ્રિત પરિણતિ હોય છે અને પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય હોતો નથી. શુદ્ધ સ્વભાવના આશ્રય વગર સ્વાભાવિક શુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ થતી નથી અને અશુદ્ધ વિભાવની જ ઉત્પત્તિ થાય છે. સ્વભાવ જેવી શુદ્ધ અવસ્થા ન થવાથી તેને સ્વભાવ પ્રત્યેનો ઘાત એટલે કે સ્વભાવપ્રતિઘાત કહે છે. આ સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવનું કારણ પરચારિત્ર જ જાણવું. અને તેથી ઊલટું સ્વચારિત્રના કારણે પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય હોય છે. સ્વભાવના આશ્રયના કારણે સ્વભાવ જેવી જ શુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ હોય છે. સ્વભાવ જેવી જ શુદ્ધ અવસ્થા થવાથી સ્વભાવ પ્રત્યેના ઘાતથી બચી શકાય છે. જેને સ્વભાવપ્રતિઘાતનો અભાવ કહે છે. આ સ્વભાવપ્રતિઘાતના અભાવનું કારણ સ્વચારિત્ર જ જાણવું. અજ્ઞાનીને હંમેશા પરચારિત્ર જ પ્રવર્તે છે અને માત્ર જ્ઞાનીને જ સ્વચારિત્ર સંભવે છે.

***અજ્ઞાનીને પરચારિત્ર અને જ્ઞાનીને સ્વચારિત્ર કઈ રીતે ?***


અજ્ઞાનીને પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વરૂપની કોઈ ઓળખાણ અને અનુભવ નથી. તેથી તેને તેનું શ્રદ્ધાન, પ્રતીતિ કે સ્વીકાર હોતો નથી. શુદ્ધ સ્વરૂપના શ્રદ્ધાન કે સ્વીકાર વિના તેનો આશ્રય કે અવલંબન હોતું નથી. શુદ્ધ સ્વરૂપના આશ્રય કે અવલંબન વિના સ્વચારિત્ર હોતું નથી. સ્વચારિત્રના અભાવમાં અજ્ઞાનીનો ઉપયોગ કાયમ માટે બાહ્ય પરવિષયોમાં જ પ્રવર્તતો રહેતો હોવાથી તેને પરચારિત્ર જ હોય છે.

જ્ઞાનીને પોતાના શુદ્ધ સ્વરૂપની સ્વાનુભવપૂર્વકની ઓળખાણ અને પ્રતીતિ છે. શુદ્ધ સ્વરૂપના જ્ઞાન અને શ્રદ્ધાનના બળે

જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિરતારૂપ સ્થિતિ પામે છે તે સ્વચારિત્ર છે. જ્ઞાનીને સાધકદશા ઉપરાંત બાધકદશા પણ હોવાથી અને સ્વચારિત્રની સ્થિતિ સિદ્ધ ભગવાન જેવી દૃઢ ન હોવાથી તેમ જ પોતાનો પુરુષાર્થ નબળો પડતાં અને કર્મોદય સબળો થતાં તેનો ઉપયોગ અંદરમાંથી બહાર આવી સવિકલ્પદશા પ્રાપ્ત કરે છે તે વખતે તેમને પરચારિત્ર પણ હોય છે. તોપણ જ્ઞાનીનું જ્ઞાન અને શ્રદ્ધાન નિરંતર એકસરખું ચાલ્યું આવતું હોવાથી તેમને શુદ્ધ સ્વરૂપની ઊર્ધ્વતા કાયમ રહ્યા કરે છે. તેમને સ્વ-પર, સ્વભાવ-વિભાવ, સુખ-દુઃખ, હેય-ઉપાદેય સંબંધી વિવેક પણ નિરંતર વર્તે છે. તેથી તેમનું પરચારિત્ર પણ અજ્ઞાની જેવું કાયમી કે મજબુત હોતું નથી. અને ફરીને પોતાના શુદ્ધ સ્વરૂપની સંભાળ લઇ પોતાના પુરુષાર્થના બળે સ્વચારિત્રની સ્થિતિ પામી મોક્ષમાર્ગમાં આગળ વધે છે. આ રીતે જ્ઞાનીને સ્વચારિત્રની સ્થિતિ અને તેની પ્રમુખતા હોય છે.

### અંચલિકા

આત્માને પોતાના સ્વભાવના પ્રતિઘાતથી તેમજ તેથી ઉત્પન્ન થતી વિભાવરૂપ સંસારદશા અને તેના દુઃખોથી બચાવનાર સ્વચારિત્ર જ છે. સ્વચારિત્ર એ સંવર-નિર્જરારૂપ મોક્ષમાર્ગનું કારણ હોવાથી આત્માને પોતાના શુદ્ધ સ્વભાવના ઘાતથી બચાવનાર છે અને પરચારિત્ર એ આસ્રવ-બંધરૂપ સંસારમાર્ગનું કારણ હોવાથી આત્માના શુદ્ધ સ્વભાવનો ઘાત કરનાર છે. શુદ્ધાત્માના જ્ઞાન-શ્રદ્ધાનના બળે શુદ્ધોપયોગમાં વર્તતો થકો પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિતિપૂર્વકની ઉપયોગની સ્થિરતા પામે છે તે સ્વચારિત્ર છે. અને જે જીવ અશુદ્ધોપયોગમાં પ્રવર્તતો થકો પોતાના શુદ્ધ સ્વરૂપની સ્થિતિથી ભ્રષ્ટ થાય છે અને પરાચરણના કારણે ઉપયોગની અસ્થિરતા પામે છે તે પરચારિત્ર છે.




અશુભ પરિણામના વંચનાર્થે કે સંસારસ્થિતિના છેદનાર્થે પંચપરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ પણ સૂક્ષ્મ પરચારિત્ર છે. સૂક્ષ્મ પરચારિત્ર પણ દુઃખ છે. તેથી શુદ્ધ સ્વરૂપના ઘાતરૂપ સ્વભાવના પ્રતિઘાતથી બચી સ્વાભાવિક સુખ પામવા માટે પરચારિત્રથી બચી સ્વચારિત્રમાં પ્રવર્તવું આવશ્યક છે. આવા સ્વ-પરચારિત્રનું સ્વરૂપ સમજાવતા આચાર્ય શ્રી કુંદકુંદ કહે છે-

(હરિગીત)

રે ! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,
તેના વડે તે 'પરચરિત' નિર્દિષ્ટ છે જિનદેવથી.
સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને
જાણે અને દેખે નિયત રહી, તે 'સ્વચરિત' પ્રવૃત્ત છે.

ભાવાર્થ : જિનદેવનું પ્રરૂપણ છે કે જે અશુદ્ધોપયોગના ભાવથી આત્મા પોતાના સ્વભાવનો ઘાત કરી પુણ્ય કે પાપકર્મને આસ્રવે છે તે અસ્થિર ભાવના કારણે તે જીવ પરચારિત્ર છે. અને જે શુદ્ધોપયોગના ભાવથી આત્મા સર્વસંગમુક્ત અને એક માત્ર આત્મસન્મુખ પરિણતિવાળો થયો થકો પોતાના શુદ્ધાત્માને પોતાની શુદ્ધ સ્વાભાવિક સ્થિર પરિણતિપૂર્વક જાણે દેખે છે તે જીવ સ્વચારિત્રને આચરનારો છે. (પંચાસ્તિકાયસંગ્રહ : ગાથા ૧૫૭, ૧૫૮)

**પરચારિત્રનું કારણ : રાગભાવ (ATTACHED FEELING)**
અને
**સ્વચારિત્રનું કારણ : વીતરાગભાવ(DETACHED FEELING)**

વ્યાખ્યા : પરવિષયો પ્રત્યેના પ્રયોજન કે વલણને કારણે થતી પરપરિણતિને રાગ કહે છે. રાગના અભાવપૂર્વક થતી સ્વપરિણતિને વીતરાગભાવ કહે છે. રાગભાવના કારણે પરચારિત્ર અને વીતરાગભાવના કારણે સ્વચારિત્ર હોય છે.

સમજૂતી : આ જીવ પોતે પોતાને ભૂલીને પરપદાર્થનું પ્રયોજન કે વલણ ધરાવે છે તે રાગભાવ છે. સામાન્ય રીતે પરપદાર્થ પ્રત્યેની પ્રીતિને રાગ, પર તરફની અપ્રીતિને દ્વેષ અને પર સાથેના એકત્વ કે મમત્વને મોહ કહે છે. આ રાગ-દ્વેષ-મોહ એકબીજા સાથે સંકળાયેલ અને [1]*અવિનાભાવી* છે અને ટૂંકમાં તેમને રાગ તરીકે પણ ઓળખાય છે. અહીં રાગ કહેતા રાગ ઉપરાંત દ્વેષ અને મોહ તેમજ અન્ય વિકારીભાવો પણ [2]*ગર્ભિત* જાણવા. વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના રાગને પ્રશસ્ત કે શુભભાવ કહેવામાં આવે છે અને તે સિવાયના બાકીના રાગને અપ્રશસ્ત કે અશુભભાવ કહેવામાં આવે છે. શુભ કે અશુભ કોઈપણ પ્રકારનો રાગ એ પરપરિણતિરૂપ અશુદ્ધોપયોગ હોવાથી પરચારિત્રનું જ કારણ છે. રાગના અભાવને કારણે થતી સ્વપરિણતિ એ વીતરાગભાવ છે.

વીતરાગભાવ એ શુદ્ધાત્માના આશ્રયે થતો શુદ્ધોપયોગ હોવાથી સ્વચારિત્રનું કારણ છે.

### *રાગભાવના કારણે પરચારિત્ર અને વીતરાગભાવના કારણે સ્વચારિત્ર કઈ રીતે ?*

રાગભાવના કારણે પોતાની પરિણતિ પોતાના સ્વભાવથી વિમુખ રહે છે અને પોતે માનેલા પ્રયોજનભૂત પરવિષયોની સન્મુખ રહે છે. પરવિષયોની સન્મુખતાના કારણે ચારિત્રગુણ પરાચરણ પામે છે અને તેથી તે પરવિષયોમાં જ સ્થિરતા, લીનતા કે એકાગ્રતાનો પ્રયાસ કરે છે, તેને પરચારિત્ર કહે છે.

વીતરાગભાવનાં કારણે પોતાની પરિણતિ પોતાના શુદ્ધ સ્વરૂપની સન્મુખ રહે છે. સ્વરૂપસન્મુખતાના કારણે ચારિત્રગુણ સ્વરૂપાચરણ પામે છે, તેને સ્વચારિત્ર કહે છે. સ્વચારિત્રના કારણે પોતાના શુદ્ધ સ્વરૂપમાં જ પોતાની પરિણતિની સ્થિરતા, લીનતા અને એકાગ્રતા હોય છે.

આ રીતે પરચારિત્રનું કારણ રાગભાવ અને સ્વચારિત્રનું કારણ વીતરાગભાવ જાણવો. વીતરાગભાવ માત્ર જ્ઞાનીને જ સંભવે છે અને અજ્ઞાનીને હંમેશા રાગભાવ જ હોય છે.



પરચારિત્રનું કારણઃ રાગભાવ

### *અજ્ઞાનીને રાગભાવ અને જ્ઞાનીને વીતરાગભાવ કઈ રીતે ?*

અજ્ઞાનીને પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ, શ્રદ્ધાન કે અનુભવ નથી. સ્વરૂપની સમજણ વગર તે પરવિષયોમાં જ પોતાનું પ્રયોજન રાખે છે. તેથી તેની પરિણતિ પરસન્મુખ જ પ્રવર્તે છે, જેને રાગભાવ કહે છે. પરસન્મુખ પ્રવર્તતી રાગભાવરૂપ પરિણતિ ઈષ્ટ પદાર્થોમાં પ્રીતિ, અનિષ્ટ પદાર્થોમાં અપ્રીતિ અને શરીરાદિ સંયોગી પદાર્થોમાં એકત્વ ધરાવનારી હોય છે. આવી રાગભાવરૂપ પરિણતિ અજ્ઞાનના કારણે હોવાથી તે અજ્ઞાનીને જ હોય છે. અજ્ઞાનીને નિરંતર સ્વભાવની વિમુખતા વર્તતી હોવાથી તેને વીતરાગભાવ ક્યારેય હોતો નથી અને હંમેશા રાગભાવ જ રહ્યા કરે છે. અનાદિકાળથી અજ્ઞાનીને રાગભાવ વળગેલો છે. અજ્ઞાનીની સૌથી વધુ પ્યારી ચીજ તેનો આ રાગભાવ જ છે. અજ્ઞાનીનું બીજું બધુ છુટી જશે તોપણ તેનો રાગભાવ નહીં છુટે. શરીર, મન, વાણી, પૈસા, મકાન, માબાપ, પત્ની, પુત્ર વગેરે સઘળુંય છૂટી જાય તોપણ તે સંબંધીનો રાગભાવ ક્યારેય છૂટતો નથી. અજ્ઞાનીના અજ્ઞાનના કારણે જ આ રાગભાવ છે. જો આ રાગભાવ છૂટે તો તેનું અજ્ઞાન જ છૂટી જશે અને તે અજ્ઞાનીમાંથી જ્ઞાની થઈ જશે.

જ્ઞાનીને પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ, શ્રદ્ધાન અને અનુભવ છે. સ્વરૂપની સાચી સમજણપૂર્વક તે પોતાના શુદ્ધ સ્વરૂપમાં જ પોતાનું પ્રયોજન અને વલણ ધરાવે છે. તેથી તેની પરિણતિ સ્વસન્મુખ પ્રવર્તે છે જેને વીતરાગભાવ કહે છે. સ્વસન્મુખ પ્રવર્તતી વીતરાગભાવરૂપ પરિણતિ પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરી તેમાં જ સ્થિત રહે છે. આવી વીતરાગભાવરૂપ પરિણતિ આત્મજ્ઞાનના કારણે હોવાથી તે માત્ર જ્ઞાનીને જ હોય છે અને અજ્ઞાનીને હોતી નથી. જ્ઞાનીને પુરુષાર્થની કમજોરી અને કર્મની બળજોરીના કારણે અસ્થિરતાજન્ય રાગ સવિકલ્પદશા સમયે હોય છે. પણ પુરુષાર્થ ફરી સબળો થતા સવિકલ્પદશાનો અભાવ થઈ નિર્વિકલ્પદશા અને તેથી થતી વીતરાગદશાની પ્રાપ્તિ હોય છે. જ્ઞાનીને મિથ્યાત્વ સંબંધી અનંત સંસારનું કારણ એવો અનંતાનુબંધીના રાગનો તદ્દન અભાવ હોય છે. તેથી જ્ઞાનીને અભિપ્રાય અપેક્ષાએ રાગનો અભાવ જ માનવામાં આવે છે. જ્ઞાનીને સવિકલ્પદશા સમયે અસ્થિરતાજન્ય રાગ હોય તોપણ તેનું સ્વામીત્વ કે કર્તૃત્વ ન હોવાથી જ્ઞાનીને રાગ જ નથી તેમ કહી શકાય છે.

### અંચલિકા

રાગભાવ જ પરચારિત્ર અને તેથી થતા દુઃખોનું કારણ છે. રાગના કારણે કર્મબંધન, સંસાર અને તેનાં દુઃખો હોય છે અને વીતરાગભાવના કારણે કર્મની નિર્જરા, મોક્ષમાર્ગ અને તેનું સુખ હોય છે. તેથી દરેક પ્રકારે રાગથી દૂર રહેવામાં જ લાભ છે. રાગને ટાળી વીતરાગભાવે પ્રવર્તનારો જીવ જ મોક્ષમાર્ગ અને તેનું સુખ પામે છે. આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં—

(હરિગીત)

પરદ્રવ્ય પ્રત્યે રાગ તો સંસારકારણ છે ખરે;
તેથી શ્રમણ નિત્યે કરો નિજભાવના સ્વાત્મા વિષે.

ભાવાર્થ : ખરેખર પરદ્રવ્ય પ્રત્યેનો રાગ જ સઘળાં સંસાર અને તેના દુઃખોનું કારણ છે. તેથી શ્રમણો પોતાની પરિણતિ પોતાના શુદ્ધ સ્વરૂપમાં જ સ્થિત રાખવાની વીતરાગભાવની જ ભાવના નિરંતર રાખે છે. (મોક્ષપાહુડ : ગાથા ૭૧)

## રાગભાવનું કારણ : મિથ્યાત્વ (WRONG BELIEF) અને વીતરાગભાવનું કારણ:સમ્યક્ત્વ (RIGHT BELIEF)

વ્યાખ્યા : મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને મિથ્યાત્વ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સમ્યક્ત્વ કહે છે. મિથ્યાત્વના કારણે રાગભાવ અને સમ્યક્ત્વના કારણે વીતરાગભાવ હોય છે.



રાગી દેવની પૂજાના પ્રતિકરૂપ રાગભાવનું કારણ : મિથ્યાત્વ

સમજૂતી : મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણેયને ટૂંકમાં મિથ્યાત્વ તરીકે અને તેથી વિરુદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેયને ટૂંકમાં સમ્યક્ત્વ તરીકે ઓળખવામાં આવે છે. તત્ત્વનું અશ્રદ્ધાન કે વિપરીત અભિનિવેશ એ મિથ્યાદર્શન છે. મિથ્યાદર્શન ટળવાથી થતું શુદ્ધાત્માનું યથાર્થ શ્રદ્ધાન એ સમ્યગ્દર્શન છે. જ્ઞાન સંબંધી ત્રણ દોષો માનવામાં આવે છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય. આવા સંશયાદિ દોષો સહિતનું જ્ઞાન એ મિથ્યાજ્ઞાન છે. મિથ્યાજ્ઞાનના અભાવપૂર્વક થતા સ્વ-પરનું ભેદજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન છે. મિથ્યાદર્શન-જ્ઞાનપૂર્વકનું પરાચરણ તેમજ અનંતાનુબંધીકષાયનો સદ્ભાવ એ મિથ્યાચારિત્ર છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીકષાયના અભાવપૂર્વક પ્રગટતું સમ્યક્ત્વાચરણ ચારિત્ર એ સમ્યક્ચારિત્ર છે. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મિથ્યાત્વ એ અજ્ઞાનીનું અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમ્યક્ત્વ એ જ્ઞાનીનું સ્વરૂપ છે.

*મિથ્યાત્વ એ અજ્ઞાનીનું અને સમ્યક્ત્વ એ જ્ઞાનીનું સ્વરૂપ કઈ રીતે ?*

આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ ન હોય તેને અજ્ઞાની કહે છે. આત્માનું અજ્ઞાન, અશ્રદ્ધાન અને અનાચરણ એ મિથ્યાત્વ હોવાથી તે જ આત્માનું અજ્ઞાન છે. તેથી મિથ્યાત્વ એ જ અજ્ઞાનીનું સ્વરૂપ છે. આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ હોય તેને જ્ઞાની કહે છે. આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ એ સમ્યક્ત્વ હોવાથી તે જ આત્માનું જ્ઞાન છે. તેથી સમ્યક્ત્વ એ જ જ્ઞાનીનું સ્વરૂપ છે. અજ્ઞાનીને મિથ્યાત્વના કારણે રાગભાવ અને જ્ઞાનીને સમ્યક્ત્વના કારણે વીતરાગભાવ હોય છે.

*મિથ્યાત્વના કારણે રાગભાવ અને સમ્યક્ત્વના કારણે વીતરાગભાવ કઈ રીતે ?*

મિથ્યાત્વના કારણે શુદ્ધાત્માનું જ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ હોતું નથી અને પરપ્રત્યેનું જ પ્રયોજન કે વલણ હોય છે. પરપ્રત્યેના પ્રયોજનના કારણે પ્રવર્તતી પરસન્મુખ પરિણતિ પોતે જ રાગભાવ છે. તેથી મિથ્યાત્વભાવ જ રાગભાવનું કારણ જાણવું. મિથ્યાત્વ ટળ્યા વિના કિંચિત્ પણ રાગનો અભાવ થતો નથી. મિથ્યાત્વથી વિરુદ્ધ સમ્યક્ત્વના કારણે શુદ્ધાત્માનું જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ હોય છે. અને પોતાના શુદ્ધ સ્વરૂપ પ્રત્યેનું જ પ્રયોજન કે વલણ હોય છે. શુદ્ધ સ્વરૂપ પ્રત્યેના પ્રયોજનના કારણે પ્રવર્તતી સ્વસન્મુખ પરિણતિ પોતે જ વીતરાગભાવ છે. તેથી સમ્યક્ત્વભાવ જ વીતરાગભાવનું કારણ જાણવું. સમ્યક્ત્વ પ્રગટ્યા વિના જરા પણ વીતરાગદશા પ્રગટતી નથી.

**પ્રશ્ન : કોઈ દ્રવ્યલિંગી મુનિ અજ્ઞાની હોય તો તેને મિથ્યાત્વ હોય છે. તેમ છતાં તેને રાગની ઘણી મંદતા જોવા મળે છે ?**

ઉત્તર : રાગ બે પ્રકારે છે - એક શક્તિ અપેક્ષાનો અને બીજો વ્યક્તિ અપેક્ષાનો. શક્તિ અપેક્ષાનો રાગ ૧. અનંતાનુબંધી, ૨. અપ્રત્યાખ્યાનાવરણીય, ૩. પ્રત્યાખ્યાનાવરણીય અને ૪. સંજ્વલન એ ચાર પ્રકારે છે. વ્યક્તિ અપેક્ષાનો રાગ મૂળભૂતપણે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર પ્રકારે છે. આ રાગની વ્યક્તિ કે પ્રગટતાની તીવ્રતા-મંદતા અનુસાર તેના છ પ્રકાર છે. જે છ પ્રકારની લેશ્યાના નામે ઓળખાય છે. કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ એ છ પ્રકારની લેશ્યા છે. જેમાં પ્રથમ ત્રણ લેશ્યા અશુભ અને બાકીની ત્રણ લેશ્યા શુભ કહેવાય છે. આ લેશ્યા કર્મબંધનું મુખ્ય કારણ નથી. શક્તિ અપેક્ષાનો રાગ જ મુખ્યપણે કર્મબંધનું કારણ છે. તેથી શક્તિ અપેક્ષાના રાગની મંદતા એ જ વાસ્તવિક રાગની મંદતા છે. મિથ્યાત્વ ટળતાં જ શક્તિ અપેક્ષાના અનુંતાનુબંધીરાગનો અભાવ થાય છે અને બાકીનો અપ્રત્યાખ્યાનાવરણીયાદિ રાગ પણ શિથિલ થઈ ક્રમશઃ ટળતો જાય છે. મિથ્યાત્વ ટળ્યા વિના શક્તિ અપેક્ષાનો રાગ બિલકુલ ટળતો નથી. દ્રવ્યલિંગી અજ્ઞાની મુનિને લેશ્યા શુભ હોવાથી વ્યક્તિ અપેક્ષાએ રાગ મંદ હોય છે. તોપણ તેનો શક્તિ અપેક્ષાનો રાગ બિલકુલ મંદ હોતો નથી. તેથી તેમને વાસ્તવિકપણે રાગની મંદતા કે તેનો અભાવ કહી શકાતો નથી. પણ જેને સમ્યગ્દર્શન છે તેવા જ્ઞાનીને જ રાગનો અભાવ હોય છે.

**પ્રશ્ન : શા માટે જ્ઞાનીને જ રાગનો અભાવ હોય છે ?**

ઉત્તર : જ્ઞાનીને મિથ્યાત્વ ટળતા મિથ્યાત્વ સાથે સંબંધિત અનંતાનુબંધીનો રાગ પણ ટળે છે. તેથી જ્ઞાનીને

અનંતાનુબંધી રાગનો તદ્દન અભાવ હોય છે. અનંતાનુબંધી રાગ જ અનંત સંસારનું કારણ હોવાથી તેને જ મુખ્યપણે રાગ કહેવાય છે. વળી તે મિથ્યાત્વ સાથે સંબંધિત હોવાથી તેને જ અભિપ્રાયપૂર્વકનો રાગ કહેવાય છે. અનંતાનુબંધી સિવાયના બાકીના ત્રણ પ્રકારના રાગને અસ્થિરતાના કારણે થતો રાગ કહેવાય છે. જ્ઞાનીને સવિકલ્પદશા સમયે ભૂમિકા અનુસારનો અસ્થિરતાના કારણે થતો રાગ હોય છે પણ અભિપ્રાયપૂર્વકનો રાગ હોતો નથી. આ ઉપરાંત જ્ઞાનીને સ્વ-પર તેમજ સ્વભાવ-વિભાવની ભેદજ્ઞાનની ધારા નિરંતર ચાલુ જ હોય છે. ભેદજ્ઞાનની ધારાના કારણે જ્ઞાનીના દરેક પરિણામ જ્ઞાનમય જ હોવાથી રાગમય કહી શકાતા નથી. જ્ઞાનીને રાગ સમયે પણ રાગથી ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાનસ્વભાવની ઊર્ધ્વતા હોય છે. અને રાગ પ્રત્યેનું વલણ કે રુચિ હોતી નથી. જ્ઞાનીને પોતાના વીતરાગભાવનું જ સ્વામીત્વ અને કર્તૃત્વ હોય છે અને રાગનું સ્વામીત્વ અને કર્તૃત્વ હોતું નથી. આવાં કારણોસર જ્ઞાનીને રાગ જ નથી તેમ કહી શકાય છે.




## અંચલિકા

જીવના દુઃખનું લક્ષણ આકુળતા અને સુખનું લક્ષણ નિરાકુળતા છે. આકુળતામય દુઃખનું ઉત્તરોત્તર છેવટનું મૂળ કારણ મિથ્યાત્વ અને નિરાકુળતામય સુખનું ઉત્તરોત્તર છેવટનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. મિથ્યાત્વના કારણે રાગભાવ, રાગભાવના કારણે પરચારિત્ર, પરચારિત્રના કારણે સ્વભાવનો પ્રતિઘાત, સ્વભાવના પ્રતિઘાતના કારણે ઈચ્છાઓ અને ઈચ્છાઓના કારણે આકુળતામય દુઃખ હોય છે. અને તેથી વિરુદ્ધ સમ્યક્ત્વના કારણે વીતરાગભાવ, વીતરાગભાવના કારણે સ્વચારિત્ર, સ્વચારિત્રના કારણે સ્વભાવપ્રતિઘાતનો અભાવ, સ્વભાવપ્રતિઘાતના અભાવના કારણે ઈચ્છાઓનો અભાવ અને ઈચ્છાઓના અભાવના કારણે નિરાકુળતામય સુખની પ્રાપ્તિ હોય છે. આ રીતે જીવના દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ જાણવું.

જીવના પ્રતિકૂળ સંયોગો તેના દુઃખનું કારણ કે અનુકૂળ સંયોગો તેના સુખનું કારણ નથી. સંયોગો પ્રત્યેનો મોહરૂપ મિથ્યાત્વ જ તેના દુઃખ કે સુખનું કારણ છે. જેનું મિથ્યાત્વ મહાન છે તેના સાંસારિક દુઃખ કે સુખ પણ મોટા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમ્યક્ત્વ સિવાય બીજી કોઈ બાબત આત્માના સુખનું કારણ નથી. સમ્યગ્દર્શન થતા જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યક્ નામ પામે છે. તેથી સમ્યગ્દર્શનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સમ્યક્ત્વનો પણ સમાવેશ છે. આ સમ્યગ્દર્શનથી જ મોક્ષમાર્ગની શરૂઆત અને આત્મિક સુખની પ્રાપ્તિ હોવાથી તેને જ ધર્મનું મૂળ માનવામાં આવે છે. આત્માના સુખ માટે સમ્યગ્દર્શન સિવાય અન્ય જે કોઈ ક્રિયા કરવામાં આવે છે તે સુખને બદલે દુઃખની જ પ્રાપ્તિ કરાવે છે. તેથી આત્મહિતના શુભેચ્છક ભવ્ય જીવોએ એક માત્ર સમ્યગ્દર્શનની જ આરાધના કરવી.

પંડિત શ્રી દૌલતરામજીના શબ્દોમાં—

(છંદ : નરેન્દ્ર કે જોગીરાસા)

**तीन लोक तिहुँ काल माहिं नहीं, दर्शन-सो सुखकारी ।**
**सकल धरम को मूल यही, इस बिन करनी दुःखकारी ।।**

ભાવાર્થ : ત્રણ લોક ત્રણ કાળમાં જીવના સુખનું મૂળ કારણ એક માત્ર સમ્યગ્દર્શન સિવાય બીજું કોઈ નથી. તેથી આ સમ્યગ્દર્શનને જ સુખમય ધર્મનું મૂળ માનવામાં આવે છે. આત્માના સુખના માટે સમ્યગ્દર્શન સિવાય બીજી જે કોઈ ક્રિયા કરવામાં આવે છે તે સુખને બદલે દુઃખદાયક જ જાણવી. (છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૧૬નો ઉત્તરાર્ધ)

## ઉપસંહાર

દુઃખનું લક્ષણ આકુળતા અને તેનું મૂળ કારણ મિથ્યાત્વ છે. તેમ જ સુખનું લક્ષણ નિરાકુળતા અને તેનું મૂળ કારણ સમ્યક્ત્વ છે. પ્રત્યેક પ્રાણી દુઃખથી ડરે છે અને સુખને ઇચ્છે છે, પણ દુઃખ-સુખનું લક્ષણ અને તેના ઉત્તરોત્તરના મૂળ કારણને જાણતો નથી. તેથી તે પોતાના દુઃખથી ડરે છે પણ દુઃખના મૂળ કારણ મિથ્યાત્વથી જરાય ડરતો નથી. તે જ રીતે સુખને ઇચ્છે છે પણ સુખના મૂળ કારણ સમ્યક્ત્વને બિલકુલ ઇચ્છતો નથી.

આ જગતનાં સઘળાં પ્રાણીઓની સઘળી પ્રવૃત્તિઓ સુખ માટે હોય છે. માનવી પોતાની સુખસુવિધા માટે અનેક ઉપાયો યોજે છે. સુખદાયક સાધન-પ્રસાધન માટે અનેક પ્રકારના સંશોધનો અને શોધખોળ કરે છે. પણ આશ્ચર્ય અને ખેદની બાબત એ છે કે સુખ-દુઃખના સાચા સ્વરૂપની શોધ કરવાની કોશિશ પણ કરવામાં આવતી નથી. ભિન્ન ભિન્ન ધર્મમતો સુખ-દુઃખના સ્વરૂપ સંબંધી ભિન્ન ભિન્ન માન્યતાઓ ધરાવે છે. તેમાં કઈ માન્યતા સાચી અને કઈ જૂઠી તેની પળોજણમાં પણ કોઈ પડતું નથી. કહેવાતા

સાંસારિક સુખની પાછળ આંધળી દોટ મૂકતાં માનવીને કોઈ સુખનું સાચું સ્વરૂપ કહે તો તેને તે સાંભળવાની પણ ફુરસદ નથી. વાસ્તવિકતા એ છે કે પોતાના માનેલા કહેવાતા સુખની માન્યતા અનાદિથી એવી રૂઢ અને દૃઢ થયેલી છે કે તે બીજી કોઈ વાત સાંભળવા પણ તૈયાર નથી. કસ્તુરી મૃગ પોતાની અંદરની જ સુગંધ મેળવવા પવનની દિશામાં દોટ મુકીને ચારેબાજુ ભટકીને પોતાનું આયખું એળે જવા દયે છે. તેમ આ માનવી પણ પોતાની અંદરનું સુખ મેળવવા પરવિષયોની પાછળ દોટ મૂકીને ચારેબાજુ ઝાવાં નાખીને પોતાનું જીવન વ્યર્થ વેડફી નાખે છે.



સુખ-દુઃખના લક્ષણ અને તેના ઉત્તરોતર કારણો અને તે માંહેનું અંતિમ અને મૂળ કારણ જાણ્યા વિના દુઃખ ટાળી સુખની પ્રાપ્તિ સંભવતી નથી. દુઃખનું લક્ષણ આકુળતા છે. આકુળતામય દુઃખના ઉત્તરોત્તર કારણોમાં ઈચ્છાનો સદ્ભાવ, સ્વભાવપ્રતિઘાતનો સદ્ભાવ, પરચારિત્ર, રાગભાવ અને મિથ્યાત્વ છે. આ રીતે દુઃખનું છેવટનું અને મૂળ કારણ મિથ્યાત્વ છે. તેથી મિથ્યાત્વ ટાળ્યા વિના કોઈ પણ પ્રકારે કોઈ પણ દુઃખનો કયારેય અંત આવી શકતો નથી. દુઃખથી વિપરીત સુખનું લક્ષણ નિરાકુળતા છે. નિરાકુળતામય સુખનાં ઉત્તરોત્તર કારણોમાં ઈચ્છાનો અભાવ, સ્વભાવપ્રતિઘાતનો અભાવ, સ્વચારિત્ર, વીતરાગભાવ અને સમ્યક્ત્વ છે. આ રીતે સુખનું છેવટનું અને મૂળ કારણ સમ્યક્ત્વ છે. તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ વિના કોઈપણ પ્રકારે કિંચિત્ પણ સુખની પ્રાપ્તિ થતી નથી.

આ જીવને સમ્યક્ત્વ સમાન કોઈ કલ્યાણકારી કે સુખકારી નથી અને મિથ્યાત્વ સમાન અન્ય કોઈ અકલ્યાણકારી કે દુઃખકારી નથી. તેથી દુઃખ ટાળી સુખ પ્રગટાવવા માટે મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રગટાવવાનો ઉપાય કરવો આવશ્યક છે. આ બાબત આચાર્યશ્રી સમંતભદ્રના શબ્દોમાં—

(અનુષ્ટુપ)

**न सम्यक्त्वसमं किञ्चित्, त्रैकाल्ये त्रिजगत्यपि ।**
**श्रेयोऽश्रेयश्च मिथ्यात्व, समं नान्यत्तनूभृताम् ।।**

ભાવાર્થ : ત્રણ કાળ ત્રણલોકમાં આ દેહધારી સંસારી પ્રાણીને સમ્યક્ત્વ સિવાય અન્ય કોઈ કલ્યાણકારી કે સુખરૂપ નથી. અને મિથ્યાત્વ સમાન અન્ય કોઈ અકલ્યાણકારી કે દુઃખરૂપ નથી.

(રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા ૩૪)

## ટિપ્પણ

**૧. ઊર્ધ્વતા** : મુખ્યતા ● **૨. પરિમાણ** : કદ, માપ ● **૩. અવિનાભાવી** : એકબીજા વિના ન હોય તે ● **૪. ગર્ભિત** : જેના ગર્ભમાં - ઊંડાણમાં બીજા ભાવો પણ સમાવેલા હોય તે ● **૫. અભિનિવેશ** : દૃઢ નિશ્ચય, હઠ, આગ્રહ, અભિપ્રાય, માન્યતા.

## સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક** ૧. છ ઢાળા : ઢાળ ૧ : ગાથા ૧.

**સુખ-દુઃખના લક્ષણ અને તેના મૂળ કારણને સમજવાની આવશ્યકતા** ૧. શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૧૭મું : ભાવનાબોધ : નિવૃત્તિબોધ : પાનુ ૪૯; આત્મસિદ્ધિ : ગાથા ૯૯; ●૨. સમયસાર : ગાથા ૨૯૩ અને તેની ટીકા; ●૩. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૧૭, ૨૮૯; ●૪. ઈષ્ટોપદેશ : ગાથા ૧૭ અને તેની ટીકા તથા ટીકામાંનો ઉદ્ધૃત શ્લોક.

**સુખ-દુઃખનું લક્ષણ અને તેના ઉત્તરોત્તર કારણો પ્રાસ્તાવિક અને કોષ્ટક** ૧. ભૈયા ભગવતીદાસકૃત ઉપાદાન-નિમિત્ત સંવાદ : દોહરા નં. ૩૫; ●૨. મુનિ રામસિંહકૃત : પાહુડ દોહા : ગાથા ૧૦, ૧૧, ૧૨ ●૩. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૩ : સંસારદુઃખ અને મોક્ષસુખ નિરૂપણ.

**દુઃખનું લક્ષણ : આકુળતા અને સુખનું લક્ષણ : નિરાકુળતા** ૧. સમયસાર : આત્મખ્યાતિ પરિશિષ્ટની પાંચમી સુખ શક્તિ; ●૨. મહાપુરાણ : સર્ગ ૪૨, શ્લોક ૧૧૯; ●૩. પ્રવચનસાર : ગાથા ૫૯ ની ટીકા; ●૪. જૈ.સિ.કોશ : ભાગ ૪ : સુખ : ૨/૧, પાનું ૪૩૧; ●૫. છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૧ નો પૂર્વાર્ધ.

**આકુળતાનું કારણ : ઈચ્છાઓનો સદ્ભાવ અને નિરાકુળતાનું કારણ : ઈચ્છાઓનો અભાવ** ૧. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૭૦૫; ●૨. આત્માનુશાસન : શ્લોક ૩૬, ૧૫૭; ●૩. યોગસાર : દોહરો ૪૯; ●૪. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય ૩ : સર્વ દુઃખોનું સામાન્ય સ્વરૂપ : પાનુ ૭૫; ●૫. ઉત્તરાધ્યયન સૂત્ર : ૯/૪૮; ●૬. શ્રીમદ્ રાજચંદ્ર : હાથનોંધ ૧૨ : પાનુ ૭૯૬.

**ઈચ્છાઓના સદ્ભાવનું કારણ : સ્વભાવ પ્રતિઘાતનો સદ્ભાવ અને ઈચ્છાઓના અભાવનું કારણ : સ્વભાવ પ્રતિઘાતનો અભાવ.** ૧. પ્રવચનસાર : ગાથા ૬૦, ૬૧, ૬૨ અને તેની ટીકા; ●૨. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૧૬૩ અને તેની ટીકા ; ●૩. સમયસાર : આત્મખ્યાતિ : શ્લોક નં. ૬૯.

**સ્વભાવપ્રતિઘાતના સદ્ભાવનું કારણ : પરચારિત્ર અને સ્વભાવપ્રતિઘાતના અભાવનું કારણ : સ્વચારિત્ર**
૧. પંચાસ્તિકાય સંગ્રહ : ગાથા ૧૫૪ થી ૧૫૯, ૧૬૫ અને તેની ટીકા; ●૨. યોગસાર - પ્રાભૃત : અધ્યાય ૮, ગાથા ૯૬; ●૩. તિલ્લોયપણ્ણતિ : ૯/૨૨; ●૪. જૈ. સિ. કોશ : ભાગ ૨ : ચારિત્ર : ૧/૭ અને ૮, પાનુ ૨૮૨.

**પરચારિત્રનું કારણ : રાગભાવ અને સ્વચારિત્રનું કારણ : વીતરાગભાવ.** ૧. નયચક્ર : ગાથા ૬૫ ની ટીકા ●૨. આલાપપદ્ધતિ : અધિકાર ૬, ●૩. મોક્ષપાહુડ : ગાથા ૬૯; ૭૧; ●૪. પરમાત્મપ્રકાશ : અધ્યાય ૨, ગાથા ૮૧; ●૫. સમયસાર : ગાથા ૨૦૧-૨૦૨ અને તેની ટીકા; ●૬. મોક્ષમાર્ગ પ્રકાશક : અધ્યાય ૯, પાનુ ૪૯૭.

**રાગભાવનું કારણ મિથ્યાત્વ અને વીતરાગભાવનું કારણ : સમ્યક્ત્વ** ૧. નયચક્ર : ગાથા ૩૦૬; ●૨. ધવલ : ૧/૧, ૧, ૪/૧૪૩/૩; ●૩. જૈ.સિ.કોશ : ભાગ ૧ : અજ્ઞાન : ૨/૨ પાનુ ૩૭; ●૪. સમયસાર : ગાથા ૨ અને ૩૮ ની જયસેનાચાર્ય કૃત ટીકા; ●૫. પ્રવચનસાર : ગાથા ૨૪૦ની જયસેનાચાર્યકૃત ટીકા; ●૬. નિયમસાર : ગાથા ૩ ની ટીકા; ●૭. સર્વાર્થસિદ્ધિ : અધ્યાય ૧, સૂત્ર ૧, કારિકા ૭; ●૮. સમયસાર : ગાથા ૧૬ની ટીકા ●૯. ન્યાયદીપિકા : અધિકાર-૧, પ્રકરણ ૯, પાનું ૮, ૯, ૧૧; ●૧૦. બહેનશ્રીનાં વચનામૃત : ૧૦૧, ૩૮૯, ૪૨૩, ૪૩૧; ●૧૧. છ ઢાળા : ઢાળ ૩ : ગાથા ૧૬ નો ઉત્તરાર્ધ.

**ઉપસંહાર** ૧. રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા ૩૪.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં☐ ચોરસમાં દર્શાવો.**

**૧. આ જગતના પ્રત્યેક પ્રાણીઓની સતત પ્રવૃત્તિ શા માટેની હોય છે ?** ૧.☐
A. દુઃખને ટાળી સુખને પ્રાપ્ત કરવાની
B. ભૂખને ટાળી ભોજન પ્રાપ્ત કરવાની
C. થાકને ટાળી આરામને પ્રાપ્ત કરવાની
D. પાપને ટાળી પુણ્યને પ્રાપ્ત કરવની

**૨. આત્મિક સુખ માટે ક્યા પ્રકારની નિવૃત્તિ જરૂરી છે ?** ૨.☐
A. ગૃહસ્થજીવનમાંથી નિવૃત્તિ
B. વૃત્તિનું ઉત્થાન ન થાય તેવી નિવૃત્તિ
C. વય મર્યાદાના કારણે થતી નોકરીમાંથી નિવૃત્તિ
D. વેપારધંધામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ

**૩. સંસારનું દુઃખ અને મોક્ષનું સુખ વચ્ચે પરસ્પર કેવો સંબંધ છે ?** ૩.☐
A. અવિનાભાવી
B. ગાઢ મિત્રતા
C. તદ્દન વિરોધી
D. એક જ માતાના બે જોડીયા પુત્રો

**૪. સંસારમાં જેને સુખ કહેવાય છે તે ખરેખર શું છે ?** ૪.☐
A. આંશિક સુખ B. કોઈ અપેક્ષાનું સુખ
C. ક્ષણિક સુખ D. પરમાર્થે દુઃખ

**૫. આકુળતા શું છે ?** ૫.☐
A. માનસિક ચિંતા B. શારીરિક વ્યાધિ
C. પારકી ઉપાધિ D. ઉપયોગની અસ્થિરતા

**૬. અજ્ઞાનીની આકુળતાનો અંત ક્યારે આવે છે ?** ૬.☐
A. સ્વર્ગની સંપદાઓ મળે ત્યારે
B. ઈચ્છિત ભોગોપભોગની પ્રાપ્તિ થાય ત્યારે
C. મરણ થાય ત્યારે
D. ક્યારેય આવતો નથી

**૭. આત્માનું હિત શેમાં છે ?** ૭.☐
A. સત્તા અને સંપત્તિમાં B. સંયમ અને સદાચરણમાં
C. દેવ-ગુરુની ભક્તિમા D. સુખની પ્રાપ્તિમાં

**૮. જ્ઞાનીને કયાં પ્રકારની ઈચ્છા હોતી નથી ?** ૮.☐
A. વિષયો ભોગવવાની B. આત્મહિત સાધવાની
C. અભિપ્રાય અપેક્ષાની D. અસ્થિરતા અપેક્ષાની

**૯. જીવના દુઃખનું સીધું કે પ્રત્યક્ષ કારણ શું છે ?** ૯.☐
A. મિથ્યાત્વ B. ઈચ્છા
C. આકુળતા D. પાપનો ઉદય

**૧૦. ઈચ્છાઓનો અભાવ ક્યારે થાય ?** ૧૦.☐
A. અનાદિનું અજ્ઞાન ટળે તો
B. ઈચ્છાનુસારનો ભોગવટો થાય તો
C. ઈચ્છિત વિષયોની પરિપૂર્ણ પ્રાપ્તિ થાય તો
D. સંસારનો સમૂળગો નાશ થાય તો

**૧૧. સ્વભાવપ્રતિઘાત શું છે ?** ૧૧.☐
A. પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વભાવ જેવી શુદ્ધ અને પૂર્ણ અવસ્થા ન થવી તે
B. પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં કોઈ આવરણ, ઊણપ, ઓછપ કે વિકૃતિ થવી તે
C. પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો અભાવ થવો તે
D. પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો ઘાત થઈ તેની આંશિક હાનિ થવી તે

**૧૨. સ્વભાવપ્રતિઘાતનો અભાવ ક્યારે થાય ?** ૧૨.☐
A. સિદ્ધ દશાના ધ્યેયપૂર્વક તેનું ધ્યાન કરવાથી
B. ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરવાથી
C. સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાન થી
D. જિનેન્દ્ર ભગવાનની ભાવભીની ભક્તિથી

**૧૩. સ્વભાવપ્રતિઘાતનો અભાવ કરવા માટે શું છોડવું પડે ?** ૧૩.☐
A. સ્ત્રી-પુત્ર-પરિવારને છોડવા પડે
B. શુભભાવને છોડવો પડે
C. શુદ્ધનયના પક્ષપાતને છોડવા પડે
D. વીતરાગભાવને છોડવો પડે

**૧૪. સ્વચારિત્ર એ શું નથી ?** ૧૪.☐
A. આત્માનું સુખ B. આત્માનો ધર્મ
C. આત્માનો મોક્ષમાર્ગ D. આત્માનો મોક્ષ

**૧૫. જ્ઞાનીના પરચારિત્રનું કારણ શું નથી ?** ૧૫.☐
A. સાધકદશા ઉપરાંત બાધકદશા
B. પોતાના પુરુષાર્થની નબળાઈ
C. સ્વચારિત્રની સ્થિતિની દઢતાની ખામી
D. પરહિત માટેનું પ્રયોજન

**૧૬. રાગભાવ શું છે ?** ૧૬.☐
A. બંધ-મોક્ષનું કારણ
B. જીવનું અજ્ઞાન
C. પરવિષયોનું જ્ઞાન
D. પરવિષયો પ્રત્યેનું પ્રયોજન કે વલણ

**૧૭. અજ્ઞાનીની સૌથી વધુ પ્યારી ચીજ કઈ છે ?** ૧૭.☐
A. પોતાના પૈસા
B. પોતાનું શરીર
C. પોતાની પત્ની
D. પોતાનો રાગભાવ

**૧૮. કયા જ્ઞાનીનો કયો ભાવ એ તેનો અસ્થિરતાજન્ય રાગ છે ?** ૧૮.☐
A. ભગવાનનો દિવ્યધ્વનિનો હિતોપદેશનો ભાવ
B. શ્રાવકનો નિર્વિકલ્પદશા સમયનો વીતરાગભાવ
C. સમ્યગ્દષ્ટિનો સવિકલ્પદશાનો શુભાશુભભાવ
D. મુનિનો ઉપશમશ્રેણી ચઢવા સમયનો ભાવ

**૧૯. રાગની મંદતા માટે કોનો ત્યાગ જરૂરી છે ?** ૧૯.☐
A. અશુભ લેશ્યાનો
B. મિથ્યાત્વનો
C. વેપાર-ધંધાની આર્થિક પ્રવૃત્તિનો
D. શુભ લેશ્યાનો

**૨૦. આત્માના સુખ માટે શેની આરાધના કરવી ?** ૨૦.☐
A. સમ્યગ્દર્શનની
B. ધન-સંપત્તિની
C. વીતરાગ દેવ-ગુરુ ની
D. શક્તિ અનુસારના તપ અને ત્યાગની

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. શ્રીગુરુ કરુણા કરીને શેની શિખામણ આપે છે ?
૨. મોક્ષમાર્ગના આત્મિક સુખમાં કયું દુઃખ હોય છે ?
૩. સંસારના માર્ગમાં કયું સુખ હોય છે ?
૪. આત્મિક સુખ માટે કઈ પ્રવૃત્તિ ટાળી કયા પ્રકારની નિવૃત્તિ ધારણ કરવાની હોય છે ?
૫. દુઃખ–સુખના લક્ષણ અને તેના કારણો જાણવા શા માટે અનિવાર્ય આવશ્યક છે ?
૬. બંધમાર્ગ અને તેના દુઃખનું કારણ શું છે ?
૭. મોક્ષમાર્ગ અને તેના સુખનું કારણ શું છે ?
૮. દુઃખ ટાળી સુખ મેળવવા શું કરવું જોઈએ ?
૯. આકુળતા અને નિરાકુળતા કોને કહે છે ?
૧૦. આકુળતામય અને નિરાકુળતામય સુખ ક્યારે હોય છે ?
૧૧. મોક્ષમાર્ગ અને મોક્ષના સુખમાં શો તફાવત છે ?
૧૨. આત્મિક સુખના ભવ્ય જીવોએ કોની આરાધના કરવી જોઈએ ?
૧૩. ઈચ્છાઓ કોને કહે છે ?
૧૪. ઈચ્છાઓનો અભાવ કોને કહે છે ?
૧૫. એક એક ઈન્દ્રિય સંબંધી પરવિષયો અને તે સબંધી ઈચ્છાઓ કેટલા પ્રકારની હોય છે ?
૧૬. ઈચ્છાઓ અને તેના કારણે થતું દુઃખ કઈ રીતે ટળે ?
૧૭. સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ કોને કહે છે ?
૧૮. સ્વભાવપ્રતિઘાતનો અભાવ કોને કહે છે ?
૧૯. સ્વભાવના પ્રતિઘાતમાં કયા સ્વભાવનો પ્રતિઘાત હોય છે ? શા માટે ?
૨૦. સ્વભાવપ્રતિઘાતના કારણે પોતાના અવસ્થામાં શું બને છે ?
૨૧. શા માટે ઈચ્છાઓ અનંત હોય છે ?
૨૨. અજ્ઞાનીની કેવી પરિણતિ તેના સ્વભાવનો ઘાત કરવાનું કારણ બને છે ?
૨૩. જ્ઞાનીને સ્વભાવપ્રતિઘાત હોય તો તે કઈ રીતે હોય છે ?
૨૪. આચાર્યશ્રી અમૃતચંદ્ર સ્વભાવના પ્રતિઘાતથી બચવા શું કરવાનું કહે છે ?
૨૫. ચારિત્ર ગુણનું કાર્ય શું છે ?
૨૬. સ્વચારિત્ર કોને કહે છે ?
૨૭. પરચારિત્ર કોને કહે છે ?
૨૮. સ્વચારિત્ર આત્માને શેનાથી બચાવે છે ?
૨૯. રાગભાવ અને વીતરાગભાવ કોને કહે છે ?
૩૦. રાગ–દ્વેષ–મોહ પરસ્પર શો સંબંધ ધરાવે છે ?
૩૧. રાગમાં બીજા કયા ભાવોનો સમાવેશ છે ?
૩૨. અજ્ઞાનીનો રાગભાવ છૂટી જાય તો શું થાય ?
૩૩. મિથ્યાત્વ કોને કહે છે ?
૩૪. સમ્યક્ત્વ કોને કહે છે ?
૩૫. મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન એ શું છે ?
૩૬. મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન એ શું છે ?
૩૭. મિથ્યાચારિત્ર અને સમ્યગ્ચારિત્ર એ શું છે ?
૩૮. રાગની શક્તિ અપેક્ષાએ તેના કેટલા પ્રકાર છે ? તેના નામ આપો.
૩૯. રાગની વ્યક્તિ અપેક્ષાએ તેના કેટલા પ્રકાર છે ? તેના નામ આપો.
૪૦. કયા પ્રકારનો રાગ મુખ્યપણે કર્મબંધનું કારણ છે ?
૪૧. અભિપ્રાયપૂર્વકનો રાગ કોને કહે છે ?
૪૨. અસ્થિરતાના કારણે થતો રાગ કોને કહે છે ?
૪૩. શા માટે સમ્યગ્દર્શનને જ ધર્મનું મૂળ માનવામાં આવે છે ?
૪૪. આત્માના સુખ માટે સમ્યગ્દર્શન સિવાયની બાકીની બધી ક્રિયાઓ કેવી છે ?
૪૫. ત્રણકાળ ત્રણલોકમાં આ દેહધારી સંસારી પ્રાણીનો કલ્યાણકારી કે સુખરૂપ શું છે ? અને અકલ્યાણકારી કે દુઃખરૂપ શું છે ?

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને શું કરવાનું છે ?
૨. આ જીવ શા માટે સુખના કારણોને ગ્રહતો નથી અને દુઃખના કારણોને છોડતો નથી ?
૩. ધનના ઈચ્છુક વેપારી માણસના દૃષ્ટાંતે સુખના ઈચ્છુક સંસારી જીવની ભૂલ અને તે સુધારવાનો ઉપાય સમજાવો.
૪. જે દુઃખનું કારણ હોય તે જ સુખનું કારણ શા માટે હોઈ શકે નહિ ?
૫. દુઃખ અને સુખનું મૂળ કારણ શું છે ? કઈ રીતે ?
૬. સુખ–દુઃખના લક્ષણ અને તેના ઉત્તરોતર કારણો દર્શાવતો કોઠો બનાવો.
૭. આકુળતા અને નિરાકુળતાનું સ્વરૂપ સમજાવો.
૮. આકુળતા એ દુઃખનું અને નિરાકુળતા એ સુખનું લક્ષણ કઈ રીતે ?
૯. અજ્ઞાનીને આકુળતા અને જ્ઞાનીને નિરાકુળતા કઈ રીતે હોય છે ?
૧૦. આત્માનું હિત શેમાં છે ? અને તે માટે શું કરવું જોઈએ ?
૧૧. ઈચ્છાઓ શું છે ? અને તેનો અભાવ કઈ રીતે થાય ?
૧૨. ઈચ્છાઓના સદ્‌ભાવના કારણે આકુળતા અને તેના અભાવને કારણે નિરાકુળતા કઈ રીતે હોય છે ?
૧૩. અજ્ઞાનીને ઈચ્છાઓનો સદ્‌ભાવ અને જ્ઞાનીને ઈચ્છાઓનો અભાવ કઈ રીતે હોય છે ?
૧૪. સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ અને અભાવ કઈ રીતે હોય છે તેની સમજૂતી આપો.
૧૫. સ્વભાવપ્રતિઘાતના સદ્‌ભાવના કારણે ઈચ્છાઓનો સદ્‌ભાવ અને સ્વભાવપ્રતિઘાતના અભાવના કારણે ઈચ્છઓનો અભાવ કઈ રીતે હોય છે ?
૧૬. અજ્ઞાનીને સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ અને જ્ઞાનીને સ્વભાવપ્રતિઘાતનો અભાવ કઈ રીતે હોય છે ?
૧૭. શા માટે કોઈપણ નયોના પક્ષપાતને છોડવો જરૂરી હોય છે અને તે છૂટવાથી શું થાય છે ?
૧૮. સ્વ–પર ચારિત્રનું સ્વરૂપ સમજાવો.
૧૯. પરચારિત્રના કારણે સ્વભાવપ્રતિઘાતનો સદ્‌ભાવ અને સ્વચારિત્રના કારણે સ્વભાવપ્રતિઘાતનો અભાવ કઈ રીતે છે ?
૨૦. અજ્ઞાનીને હંમેશા પરચારિત્ર અને જ્ઞાનીને જ સ્વચારિત્ર કઈ રીતે સંભવે છે ?
૨૧. આચાર્યશ્રી કુંદકુંદ સ્વ–પરચારિત્રનું સ્વરૂપ કયા પ્રકારે કહે છે ?
૨૨. રાગભાવના કારણે પરચારિત્ર અને વીતરાગભાવના કારણે સ્વચારિત્ર કઈ રીતે હોય છે ?
૨૩. અજ્ઞાનીને નિરંતર રાગભાવ અને જ્ઞાનીને જ વીતરાગભાવ કઈ રીતે હોય છે ?
૨૪. રાગભાવ અને પરચારિત્રમાં શો ફેર છે કે જેથી રાગભાવ એ પરચારિત્રનું કારણ બને છે ?
૨૫. શા માટે રાગભાવથી દરેક પ્રકારે દૂર રહેવામાં જ લાભ છે ?
૨૬. મિથ્યાત્વ – સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવો.
૨૭. મિથ્યાત્વના કારણે રાગભાવ અને સમ્યક્ત્વના કારણે વીતરાગભાવ કઈ રીતે હોય છે ?
૨૮. કોઈ અજ્ઞાની દ્રવ્યલીંગી મુનિને રાગની ઘણી મંદતા જોવા મળે છે તે શું છે ?
૨૯. શા માટે જ્ઞાનીને જ રાગનો અભાવ હોય છે અને અજ્ઞાનીને હોતો નથી ?
૩૦. જીવના દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ અને સુખનું મૂળ કારણ સમ્યક્ત્વ કઈ રીતે છે ?
૩૧. શા માટે આત્મહિતના શુભેચ્છક ભવ્યજીવોએ એક માત્ર સમ્યગ્દર્શનની જ આરાધના કરવી જોઈએ ?
૩૨. શા માટે આત્માના સાચા સુખ–દુઃખના સ્વરૂપને સમજવાની કોશિશ પણ કરવામાં આવતી નથી ?

### વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. પ્રકરણની રૂપરેખામાંથી કોઈ પણ એક પેટા મુદો પસંદ કરી તેના ઉપર પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. પ્રકરણમાં આવતા દૃષ્ટાંત-સિદ્ધાંતની યાદી તૈયાર કરો.
૩. પ્રકરણમાં આવતાં કાવ્યો અને શ્લોકોનું સમૂહગાન કરો.
૪. સુખ-દુઃખના લક્ષણો અને ઉત્તરોત્તર કારણો સમજાવતો સંવાદ ભજવો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. જગતમાં જેને સુખી કહેવાય છે તે પણ પરમાર્થે દુઃખી છે તેની વિશદ સમજૂતી આપો.
૨. સાચા સુખી હોય એવા કોઈ જ્ઞાની ધર્માત્માનો પરિચય આપી તેમના સુખ વિષેના વિચારો જણાવો.